₹ ૧૫/-

દિવ્ય હાસ્ય

પ્રભુ અર્પણ

જૂન - ૨૦૧૭

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

Matter shall reveal the Spirit's face

Sri Aurobindo

✲

જીવનને બહુ ગંભીરપણે લેવામાં આવે ત્યારે સામાન્ય રીતે બે વસ્તુઓ બનતી હોય છે. પ્રથમ તો જે વસ્તુઓનું કંઈ પણ મહત્ત્વ હોતું નથી, એવી વસ્તુઓને મહત્ત્વ આપી દેવામાં આવે છે. બીજું, જીવનને થોડાક શુદ્ધ ગુણો પૂરતું મર્યાદિત કરી દેવામાં આવે છે; કે જે ગુણો જીવનને માટે જરૂરી ગણવામાં આવ્યા હોય છે. કેટલાક લોકોમાં — શ્રી અરવિન્દ અહીં 'ચુસ્તવાદી' અને 'નમ્ર' કહેવાતા લોકોનો ઉલ્લેખ કરે છે — આ ગુણો શુષ્ક, નકામા, ધૂંધળા તેમ જ આક્રમક બની જતા હોય છે અને તેઓ હરેક વસ્તુમાં દોષ નિહાળતા રહે છે, જે વસ્તુઓ આનંદમય, મુક્ત અને સુખદાયી હોય છે તેમાં પણ તેઓને દોષદર્શન થતું હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૦ : પૃ. ૧૭૭)

બાળક : વસ્તુઓને ગંભીરપણે લેવાથી જીવન વધુ સંપૂર્ણ થતાં અટકયું છે એ કેવી રીતે બન્યું હશે ?

શ્રી માતાજી : સદ્ગુણની ભાવના હંમેશાં જીવનમાં વસ્તુઓને દબાવી દેવાનું કામ કરતી રહી છે. અને જગતના જુદા જુદા દેશોના બધા સદ્ગુણોને જો ભેગા કરવામાં આવે તો પછી જીવનમાં ભાગ્યે જ કોઈ વસ્તુનું સ્થાન રહેશે.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : પૃ. : ૧૭૬)

પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

જૂન – ૨૦૧૭ વર્ષ : ૦૩ અંક : ૦૬

દિવ્ય હાસ્ય

અનુક્રમ :- (૧) દિવ્ય હાસ્ય – ૦૬ (૨) જીવન પ્રત્યે હાસ્ય કરવું – ૧૦
(૩) ખુશમિજાજીપણું – ૧૯ (૪) આપણું હાસ્ય પુનઃપ્રાપ્ત કરવું – ૨૩
(૫) શાશ્વતનું હાસ્ય –૩૦ (૬) પ્રભુનું હાસ્ય –૩૫
(૭) વિશ્વના ખુશમિજાજી નાગરિકો –૩૯ (૮) વૃત્ત વિશેષ – ૪૧

*

In a haven of safety and splendid soft repose
One could drink life back in streams of honey - fire,
Recover the lost habit of happiness.

Savitri : P : 15 Sri Aurobindo

(સાવિત્રી સમીપ શાન્ત અને સુરક્ષિત સ્થાનમાં જીવ મૃદુ, આરામદાયી તથા પ્રકાશપૂર્ણ આશ્રયનો અનુભવ કરી શકે છે. સાવિત્રી પાસે પહોંચી જીવ મધુ–અગ્નિની ધારાઓએ ફરી પાછી પ્રાણ–શક્તિ મેળવી શકે છે. સુખી થઈ રહેવાની એની ગુમાવેલી ટેવને પુનઃ પ્રાપ્ત કરી શકે છે.)

*

સંપાદકીય : જીવનની યાત્રા એ સુંવાળી સવારી નથી. અને એ યાત્રા જ્યાં સુધી અંધકારનાં ક્ષેત્રોમાં થઈ રહી હોય અને અજ્ઞાનનાં બળો એને દોરી રહ્યાં હોય ત્યાં સુધી એ સરળ કે સુંવાળી સવારી બની શકે પણ નહિ. અને છતાં આ સર્વની પાછળ દિવ્ય કૃપાનું સતત ટકી રહેતું સ્મિત રહેલું હોય છે, જેની એક નજર સર્વ અંધકારને દૂર કરી દેવા તેમ જ આશા પ્રકટાવવા પૂરતી છે. એ દિવ્ય કૃપાના સ્મિતના પ્રેમ અને દયાના બાહુઓ આપણા હસ્ત પકડવા તૈયાર હોય છે અને આંખોને અંધ કરી દેતી આંધીઓ તેમ જ અશાંતિ ઉપજાવતા પ્રદેશોમાંથી આપણને પસાર કરાવી દઈ સૌન્દર્ય, પ્રજ્ઞા અને આનંદના પ્રદેશમાં પ્રવેશ કરાવવા મદદ કરવા પણ તૈયાર હોય છે. સર્વ અસ્તિત્વના ગૂઢ આધારરૂપ, જીવનયાત્રામાં ખૂબ જરૂરી એવી કુમક અને બળ પૂરું પાડવા હંમેશાં તૈયાર એવા દિવ્ય હાસ્યને અમે આ અંક સમર્પિત કરીએ છીએ.

મુખપૃષ્ઠ : દિવ્ય હાસ્ય

આપણે ઈશ્વરના હાસ્યને ત્યારે પામી શકીએ જ્યારે આપણે આપણા અહંકાર ઉપર વિજય પ્રાપ્ત કર્યો હોય.

(આ પુષ્પને શ્રી માતાજીએ આપેલું આધ્યાત્મિક નામ)

Her look, her smile awoke celestial sense
Even in earth-stuff, and their intense delight
Poured a supernal beauty on men's lives.

CWSA 33 : 15 **Sri Aurobindo**

(સાવિત્રીની દૃષ્ટિ, એનું સ્મિત પૃથ્વીલોકનાં તત્ત્વોમાં સ્વર્ગીય સંવેદનો જગાડતાં હતાં. એ સ્મિત, એ દૃષ્ટિનો ઉત્કટ આનંદ માનવી-જીવનો પર દિવ્ય સૌન્દર્ય રેલાવે છે.)

દિવ્ય હાસ્ય

ઈશ્વરનું સતત ટકી રહેતું હાસ્ય

વસ્તુમાત્રમાં રહેલી ઓ મધુર સંવાદિતા, હૃદયને ભરી રહેલી ઓ મધુર સંવાદિતા, જીવનનાં સ્થૂલમાં પણ સ્થૂલ રૂપોમાં, પ્રત્યેક લાગણીમાં, પ્રત્યેક વિચારમાં, પ્રત્યેક કર્મમાં તું તારું સ્વરૂપ પ્રગટ કર.

બહારની બાજુએ ભારે શોરબકોર થઈ રહ્યો છે છતાં મને બધું જ સુંદર, સંવાદમય, નીરવ લાગે છે અને એ નીરવતામાં પ્રભુ, મને તારાં દર્શન થાય છે. અને તારાં એ દર્શનને વર્ણવવા માટે તો હું એટલું જ કહી શકું કે એ એક અખંડ સ્મિત જેવું છેઃ ખરી રીતે તો, આપણને એક અત્યંત સ્વસ્થ, અત્યંત કરુણામય સ્મિતના સાંનિધ્યમાં જે ભાવ અનુભવાય છે તેની ઉપમા તારાં દર્શન થતાં મને જે અનુભવાય છે તેને માટે દુર્બળ જ લાગે છે.

સર્વને તારી શાંતિ મળી રહો. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧ : ૧૯)

*

ધીરજપૂર્ણ અને સમજુ દયાભાવનાનું સ્મિત

આ અત્યારનું કરણ, કે તું જેને મારી પાસે 'હું' કહેવડાવે છે, તેની અંદરનું સર્વ કાંઈ મને સામાન્ય, સામાન્ય કોટિનું, અપૂર્ણ, કશા રંગ વિનાનું, લગભગ અચેતન જેવું લાગે છે. અને હું તારી સાથે જેમ જેમ વધુને વધુ એકરૂપ થતી જાઉં છું તેમ તેમ આ કરણની શક્તિઓની તથા તેના આવિર્ભાવની સામાન્યતા મને વધુને વધુ દેખાતી થાય છે. એ કરણમાંનું બધું જ મને એક કશી જ બાંધછોડ ન કરાય એવું 'થોડું એક તૈયાર' લાગે છે. અને એ વસ્તુ જો મને કોઈ રીતે વ્યથિત કરતી નથી તો તેનું કારણ માત્ર એ જ છે કે સાચો 'હું' તારાં ચરણોમાં આવીને ઢળી પડેલો છે, અથવા તો તારા હૃદયમાં લપાઈને બેઠેલો છે, અથવા તો તારી શાશ્વત અને અવિકારી ચેતનાને વિશે સભાન બની ગયેલો છે અને તે આ સારાયે આવિર્ભાવને એક ધીરજ ભરેલી અને સમજદાર એવી દયાભાવનાના સ્મિતપૂર્વક જોઈ રહેલો છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧ : ૧૦૧)

*

એકત્વની પૂર્ણ નિશ્ચિંતતાનું સ્મિત

પ્રેમ અને પાવિત્ર્યના હે મહાગુરુ, મારી પ્રાર્થના છે કે આ જે કરણ તારી સેવા સુયોગ્ય રીતે કરવા માગે છે તે તેની છેલ્લામાં છેલ્લી અવસ્થાઓમાં એની નાનામાં નાની પ્રવૃત્તિઓમાં અહંકારમાત્રમાંથી વિશુદ્ધ બની જાઓ, સર્વ ભૂલોમાંથી, સર્વ અંધકારમાંથી વિશુદ્ધ બની જાઓ, કે જેથી પછી તેની અંદરનું કશું પણ તારા કાર્યને બદલી ન નાખે, વિકૃત ન કરી મૂકે, અથવા તો થોભાવી ન દે. ખૂણાઓ હજી પણ અંધકારમાં પડી રહેલા છે, તારા પ્રકાશની વિશદતાથી દૂર દૂર : એમને માટે હું પેલા પ્રકાશનું પરમ સુખ માગું છું.

ઓ, કશા પણ કલંક વિનાના શુદ્ધ સ્ફટિકરૂપે બની રહેવું, કે જે સ્ફટિક પછી તારા દિવ્ય કિરણને, અંધકારમાં નાખ્યા વિના, કલંકિત થવા દીધા વિના યા બદલાઈ જવા દીધા વિના, પોતામાં થઈને પસાર થવા દેતો રહે. અને આ તે સંપૂર્ણતાની ઇચ્છામાંથી નહિ, પરંતુ તારું કાર્ય શક્ય તેટલું સંપૂર્ણ રીતે સિદ્ધ બને એ માટે થાઓ.

અને જ્યારે તારી પાસે હું આ માગણી કરું છું ત્યારે આ જે 'હું' તારી સાથે વાત કરી રહ્યો છે તે આખીયે પૃથ્વીરૂપે છે. અને તે તારા પરમ પ્રકાશનું સંપૂર્ણ પ્રતિબિંબ એવા આ શુદ્ધ હીરકરૂપે બની રહેવાની અભીપ્સા સેવે છે. માનવ લોકોનાં સર્વ હૃદયો મારા હૃદયની અંદર ધબકી રહ્યાં છે, તેમના સર્વ વિચારો મારા ચિત્તની અંદર રણઝણી રહ્યા છે, પેલા વિનમ્ર પ્રાણીની અથવા તો પેલા ચાના છોડની નાનામાં નાની અભીપ્સા મારી ભીષણ અભીપ્સા સાથે જોડાઈ રહી છે. અને આ બધું જ તારા પ્રત્યે ઊંચે ચડી રહ્યું છે. તારા પ્રેમ અને તારા પ્રકાશ ઉપર વિજય મેળવવા માટે અને તેને પ્રાપ્ત કરવા માટે, તારા અવિચલ પરમાનંદમાંથી તને બહાર લઈ આવવા માટે અને વેદનાના અંધકારને દિવ્ય આનંદમાં, પરમોચ્ચ શાંતિમાં પલટાવી દેવા માટે તું એ અંધકારમાં આરપાર પ્રવેશ કરે તે માટે તે સ્વરૂપનાં શિખરો ઉપર આરોહણ કરી રહ્યું છે. અને આ ઉગ્રતા તે પોતાનું સમર્પણ કરી રહેલા એક અનંત પ્રેમની બનેલી છે, તારી સાથેના સંપૂર્ણ અદ્વૈતની નિશ્ચિંતતામાં સ્મિત કરી રહેલી એક વિશ્વાસસભર ગંભીરતાની બનેલી છે.

હે મારા મધુર ગુરુ, તું જ છે વિજય પામનાર અને વિજય, તું જ છે જીતનારો અને જીત !

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧ : ૧૦૯-૧૦)

*

સૃષ્ટિનું સ્મિત

જ્યારે જ્યારે તારા દૈવી ઉચ્છ્વાસનો સ્પર્શ થતાં કોઈક હૃદય જાગી ઊઠે છે ત્યારે પૃથ્વી ઉપર જાણે થોડુંક વધુ સૌન્દર્ય જન્મ લેતું દેખાય છે, હવામાં એક મીઠી મઘમઘતી સૌરભ ફેલાઈ જાય છે, આખું જગત વધુ મૈત્રીભર્યું બને છે.

હે સર્વ જીવનના સ્વામી ! તારી શક્તિ કેટલી બધી અસીમ છે ! તારા આનંદનો એક અણુ પણ પારાવાર અંધકારને, અસંખ્ય દુઃખોને મિટાવી દેવાને પૂરતો છે. તારી જ્યોતિનું એકાદ કિરણ પણ જડમાં જડ કંકરને, કાળામાં કાળી ચેતનાને પ્રકાશથી ભરી દઈ શકે છે !

તેં મારા ઉપર તારી કૃપાઓના ગંજ ખડક્યા છે, અનેકાનેક ગુપ્ત રહસ્યો તેં મારી સમક્ષ પ્રગટ કર્યાં છે, તેં મને કેટલાયે અણધાર્યા અને અણકલ્પ્યા આનંદોનો રસ ચખાડયો છે; પરંતુ તારા કૃપાપ્રસાદો કરતાંય એક ઘણો મહાન પ્રસાદ તું મને આપે છે કે જ્યારે તારા દૈવી ઉચ્છ્વાસનો સ્પર્શ થતાં માનવહૃદય ઝબકીને જાગી ઊઠે છે.

આ ધન્ય ક્ષણોમાં સારીયે પૃથ્વી આનંદનું એક સ્તવન ગાઈ રહી છે, ભૂમિનાં તરણાં આનંદથી કંપી રહ્યાં છે, હવા પ્રકાશથી ઝણઝણી રહી છે, તરુવરો આકાશ પ્રતિ પોતાની અતિ આર્ત પ્રાર્થના પ્રેરી રહ્યાં છે, પંખીઓનાં કલરવ એક ગાનરૂપ બની રહ્યાં છે, સાગરનાં મોજાં પ્રેમથી

ગરજી રહ્યાં છે, બાળકોનું સ્મિત અનંતની વાર્તા કહેવા લાગે છે અને માનવોનો આત્મા તેમની આંખમાં આવીને વિરાજી રહ્યો છે. (શ્રી માતાજી ૬૪ પ્રાર્થનાઓ અને ધ્યાન : ૧૩૧)

પ્રભુ સાથે હસતા રહો

પણ જગતની સર્વ વસ્તુઓમાં પ્રભુનું આ જે સાંનિધ્ય રહેલું છે... એ એક આંદોલન રૂપે હોય છે. - પણ એ આંદોલનમાં એક રીતની અનંત શક્તિ હોય છે, અનંત આનંદ અને અનંત શાંતિ હોય છે. અને એમાં વિશાળતા હોય છે, વિશાળતા, એવી તો વિશાળતા, કે એમાં કોઈ સીમા જ નહિ... પણ એ કેવળ એક આંદોલન જ હોય છે, ના. એ... ઓહ, ભગવાન ! તમે એને વિશે વિચાર કરતા નથી હોતા, એટલે એને વિશે કાંઈ કહી શકતા પણ નથી. અને જો તમે એનો વિચાર કરવા બેસશો તો જે ક્ષણે તમે વિચાર શરૂ કરશો કે ફરી પાછો બધો જ ગોટાળો શરૂ થઈ જશે. એટલે જ તમે એને વિશે પછી કાંઈ બોલી શકતા નથી.

ના, પ્રભુ બહુ દૂર દૂર છે એમ તમે ધારો છો એટલા માટે એ બહુ દૂર દૂર છે. પણ તમે જો એમ ધારો કે પ્રભુ અહીં છે, આમ (પોતાના ચહેરા તરફ હાથ કરીને) તમને અડી રહેલા છે... તમને એમનો અનુભવ થતો હોય તો પણ તમને એ દૂર દૂર લાગશે... એ તમે કોઈ માણસને મળતા હોય એવું કંઈ નથી, એ વસ્તુ એવી નથી. એ કોઈ વિજાતીય વસ્તુ નથી, એ કોઈ બહાર રહેલી વસ્તુ નથી, બહારથી આવીને એ અંદર પ્રવેશતી નથી. પ્રભુ એવા નથી... એ તો સર્વત્ર છે.

એટલે તમને સર્વત્ર અનુભવ થાય છે, સર્વત્ર, સર્વત્ર – અંદર, બહાર, સર્વત્ર. સર્વત્ર, એના સિવાય બીજું કાંઈ જ નહિ – એ, એનું આંદોલન.

ના, એ વાત તો તમારે બંધ જ કરવી પડશે (મગજની), એ તમે બંધ નહિ કરશો ત્યાં લગી તમે સાચી વસ્તુ જોઈ શકવાના નથી – તમે સરખામણીઓ શોધવા લાગો છો, તમે કહો છો, 'એ આના જેવું છે, પેલાના જેવું છે', ઓહ !

(મૌન)

અને કેટલી બધી વાર, કેટલી બધી વાર આપણને થાય છે... ત્યાં કોઈ રૂપ નથી હોતું – રૂપ હોય છે અને નથી હોતું, તમે એને વિશે બોલી શકતા નથી. અને તમને લાગે છે કે કોઈ જોઈ રહ્યું છે અને ત્યાં આંખો નથી હોતી અને છતાં કોઈ જોતું હોય છે – કોઈ જોતું હોય છે, હસતું હોય છે. એને મોં નથી હોતું, કોઈ આકૃતિ હોતી નથી ! અને છતાં કોઈ સ્મિત કરતું હોય છે, કોઈ જોતું હોય છે અને (માતાજી હસે છે) તમે કહ્યા વગર રહી શકતા નથી, 'હા, પ્રભુ, હું મૂર્ખ છું' પણ પ્રભુ હસે છે અને તમે હસો છો અને તમને આનંદ રહે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : ૧૭૫-૭૬)

ઈશ્વર સર્વ પ્રતિ સ્મિત કરે છે

આ બધું, શ્રી માતાજીનું સ્મિત અને એમનું ગાંભીર્ય એ પ્રાણ-શક્તિની યુક્તિ માત્ર છે. ઘણે ભાગે લોકોને આ પ્રમાણે વાત કરતા મેં નોંધ્યા છે કે પ્રણામ વખતે શ્રી માતાજી ગંભીર, કડક, નાખુશ તેમ જ ગુસ્સામાં હતાં. જ્યારે ખરેખર આવું કશું જ હોતું નથી – લોકો પોતાની પ્રાણમય

કલ્પના દ્વારા જે વસ્તુઓનું સર્જન કરે છે તેનું આરોપણ શ્રી માતાજી ઉપર કરતા હોય છે. શ્રી માતાજીનું સ્મિત કરવું કે ના કરવું એ વાત એક બાજુ પર એને સાધકની પાત્રતા કે અપાત્રતા, યોગ્યતા કે અયોગ્યતા સાથે કંઈ લાગતુંવળગતું હોતું નથી — ઇનામ કે સજા તરીકે એ વસ્તુ (સ્મિત આપવું, ન આપવું,) ઇરાદાપૂર્વક કરવામાં આવતું હોતું નથી. શ્રી માતાજી સર્વને સ્મિત આપે છે, આ બધી વસ્તુઓની ગણતરી વિના. શ્રી માતાજી જ્યારે સ્મિત નથી આપતાં ત્યારે તેનું કારણ એ કે તે સમયે તેઓ ઊંડી ધ્યાનાવસ્થામાં લીન હોય અથવા તો સાધકની અંદર કોઈક વસ્તુ ઉપર એકાગ્રતા કરતાં હોય, એવી વસ્તુ જેના પર શ્રી માતાજીએ ધ્યાન આપવું જરૂરી હોય. એનો અર્થ એવો ન થાય કે એ સાધકની અંદર કંઈ ખરાબ કે ખોટી ક્રિયા રહેલી છે. આ વાત મેં કેટલાય સાધકોને સો વખત જણાવેલી છે — પરંતુ ઘણા સાધકોમાં પ્રાણ-શક્તિ આ વાતનો સ્વીકાર કરવા માગતી જ નથી; કારણ એમ સ્વીકાર કરવાથી પ્રાણ એની ફરિયાદો, બળવો તેમ જ અભિમાનનો સ્રોત જ ગુમાવી બેસે, અહીંથી જતા રહેવાની, યોગમાર્ગ છોડી દેવાની એની કામનાનો સ્રોત જ એ ગુમાવી દે. આ બધી વસ્તુઓ, ફરિયાદો, બળવો અભિમાન, યોગમાર્ગ છોડી દેવો, વગેરે પ્રાણ-શક્તિ માટે ઘણી મૂલ્યવાન વસ્તુઓ હોય છે.... તમારે આ વસ્તુઓને દૂર કરી દેવાની છે અને એમ કરીને ચૈત્ય પુરુષ — એના ગહનતર, સત્યતર પ્રેમ તથા સમર્પણ ભાવ સહિત — અગ્રભાગે સ્થિર થઈ શકે એને માટે તમારે એને તક આપવી જોઈએ.

(Correspondence with Sri Aurobindo by Nirodbaran : 55)

*

પ્રશ્ન : અમારાં સર્વ મૂલ્યોનો આધાર આપ બંને કઈ રીતે એને જુઓ છો એના ઉપર હોય છે. શ્રી માતાજી જો કોઈ વ્યક્તિ પ્રતિ સ્મિત કરે તો એ સારી વસ્તુ છે એમ અમે વિચારીએ છીએ. જો તેઓ સ્મિત ન આપે તો ક્યાંક કાંઈ ખોટું થયું છે એમ અમે નક્કી કરી લઈએ છીએ અને અમે સાવચેત રહીએ છીએ.

ઉત્તર : શું મૂર્ખામી છે ! શું તમે એ જાણતા નથી કે ઈશ્વર દુષ્ટ અને ભલી બંને વ્યક્તિ પરત્વે એકસાથે એકસમાન સ્મિત કરતા હોય છે !

(Correspondence with Sri Aurobindo by Nirodbaran : 551)

*

જે કાંઈ અસ્તિત્વમાં છે, જે કાંઈ થવાનું છે, જે કાંઈ અસ્તિત્વમાં છે નહિ, તે સર્વની પાછળ તારું દિવ્ય અને અવિકારી સ્મિત રહેલું છે.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧ : ૧૨૦)

જીવન પ્રત્યે હાસ્ય કરવું

તમે જેમાં જીવો છો તે આખું માનસિક જગત ઘણું મર્યાદિત છે. પછી ભલે તમને તેની મર્યાદાઓનું જ્ઞાન કે ભાન ન હોય, તમારું મન જે મર્યાદાઓની ભીંતોમાં પુરાઈ રહેલું છે તેમને બહારથી કોઈ વસ્તુ આવીને ભાંગી આપે અને તમારા મનને મુક્ત કરી આપે તે જરૂરનું છે. ઉદાહરણ તરીકે તમે કેટલા અચળ નિયમો, વિચારો કે સિદ્ધાંતો બાંધી બેઠા હો છો અને તેમને તમે પારાવાર મહત્ત્વ આપતા હો છો. ઘણુંખરું તો એમાં કેટલાક નૈતિક સિદ્ધાંતોનું કે ઉપદેશોનું જ અનુસરણ હોય છે, જેમ કે 'તારાં માતાપિતાને માન આપ', 'તું કોઈની હિંસા મા કર,' વગેરે વગેરે... દરેક માણસના મનમાં કોઈ ને કોઈ વિચારનું તૂત હોય છે, અથવા તો અમુક વિચારો વધારે માનીતા હોય છે. દરેક જણ માને છે કે બીજા લોકો જે પૂર્વગ્રહોમાં સપડાયેલા છે તે પોતાનામાં નથી. એવા વિચારોને તે તદ્દન ખોટા ગણવા પણ તૈયાર હોય છે. પણ તે એમ પણ માને છે કે મારા વિચાર કંઈ બીજાના જેવા નથી. પોતાને માટે એ તો સત્ય જ છે, કેવળ સત્ય છે.

મનના ઘડેલા કોઈ પણ નિયમને માટે આશક્તિ હોવી એ માનવામાં હજી કોઈ સ્થળે છુપાઈ રહેલા અજ્ઞાનની નિશાની છે. દાખલા તરીકે, 'સંન્યાસ અને આધ્યાત્મિકતા બંને એક જ વસ્તુ છે', એ પ્રકારે આખી દુનિયામાં પ્રચલિત બનેલા વહેમ વિશે વિચાર કરો. તમે કોઈ પુરુષને કે સ્ત્રીને આધ્યાત્મિક વ્યક્તિ તરીકે વર્ણવો એટલે ખાધાપીધા વિના રહેનાર, આખો દિવસ બોલ્યાચાલ્યા વિના સ્થિર બેસી રહેનાર, તદ્દન કંગાલ હાલતમાં ઝૂંપડામાં વસનાર, પોતાનું સર્વસ્વ ત્યાગી દેનાર અને પોતાને માટે કાંઈ પણ ન રાખનાર માણસનું ચિત્ર સોમાંથી નવ્વાણું લોકોના મનમાં એકદમ ખડું થાય છે. એ બિચારાઓને મન આધ્યાત્મિકતાની એક માત્ર સાબિતી ગરીબાઈ અને પ્રિય લાગે તેવી કે આરામ આપે એવી સઘળી વસ્તુથી દૂર રહેવું એમાં જ રહેલી હોય છે. હવે જો તમારે આધ્યાત્મિક સત્યનું દર્શન અને અનુસરણ કરવું હશે તો આ માનસિક વિચારને નાબૂદ કરવો પડશે, તમે આધ્યાત્મિક જીવન પ્રત્યે સાચી અભીપ્સાથી પ્રેરાયા હશો તથા તમારી ચેતનામાં અને તમારા જીવનમાં ભગવાનનો ભેટો અને સાક્ષાત્કાર કરવાની તમારી ઇચ્છા પણ હશે; પરંતુ બને એમ કે ભગવાનની શોધ કરતાં કરતાં તમે એવી જગાએ જઈ પહોંચો છો કે જે ઝૂંપડી જેવી બિલકુલ નથી. અને ત્યાં તમને એક દિવ્ય વ્યકિતનો ભેટો થાય છે. એ વ્યક્તિ આરામભર્યું જીવન ગાળતી હોય છે, છૂટથી ખાતીપીતી હોય છે, તેની આજુબાજુ સુંદર અથવા તો એશ-આરામની વસ્તુઓ હોય છે. વળી એ પોતાની પાસે જે કાંઈ છે તે ગરીબોને વહેંચી આપતી પણ નથી હોતી, પરંતુ લોકો જે કાંઈ આપે છે તે સર્વનો પોતે સ્વીકાર તેમ જ ઉપભોગ કરતી હોય છે. તમારા માનસિક પૂર્વગ્રહને કારણે તમે એકદમ મૂંઝાઈ જાઓ છો, અને બોલી ઊઠો છો કે, 'અરે ! આ શું ? હું તો એક આધ્યાત્મિક માણસને મળવા આવ્યો હતો.' આ ખોટી માન્યતાને તોડી પાડવાની અને તેને નિર્મૂળ કરવાની જરૂર છે. એક વાર એ તૂટી એટલે તમારા સંન્યાસપરાયણ સંકુચિત

વિચાર કરતાં એક ઘણી વધારે ઉચ્ચ વસ્તુ તમને મળી આવશે. તમારા આખા અંતરને મુક્ત કરી દે એવી અંતરની સંપૂર્ણ નિર્બંધતા તમે અનુભવશો. એ મુક્ત સ્થિતિમાં જો તમને કોઈ વસ્તુ મળી આવે તો તેનો તમે સ્વીકાર કરી લેશો અને એ જ વસ્તુનો તમારે ત્યાગ કરવાનો આવે તો તે પણ એટલી રાજીખુશીથી તમે કરશો. વસ્તુઓ આવે છે, તમે સ્વીકારો છો; વસ્તુઓ જાય છે, તમે જવા દો છો. અને એ સ્વીકાર કરતાં કે ત્યાગ કરતાં તમારામાં સમતાનું સ્મિત એકસરખું જ રહે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૫૭-૫૮)

મુશ્કેલીઓ પ્રતિ હાસ્ય

આપણે સર્વ એ વાતે સહમત થઈએ છીએ કે જગત ઘૃણાજનક છે, જેવું હોવું જોઈએ તેવું નથી, ત્યારે આપણે કરવા જેવી વસ્તુ એ જ રહે છે કે એને બદલવું. પરિણામે, જગત અત્યારે છે તેના કરતાં અન્ય પ્રકારનું કરવા ઉપર જ આપણું સર્વ ધ્યાન કેંદ્રિત થઈ રહેવું જોઈએ. અને આપણે એક વસ્તુ સમજી શકીએ છીએ કે એ કરવા માટેનું શ્રેષ્ઠ સાધન (જો કે એ પણ હજી આપણે બહાર જાણતા નથી) આપણે પોતે જ છીએ, ખરું ને ? અને એ તો નક્કી છે કે તમે તમારા પડોશી કરતાં તમારી જાતને વધુ સારી રીતે ઓળખો છો – દાખલા તરીકે, કોઈ એક મનુષ્યમાં અભિવ્યક્ત થયેલ ચેતનાને, એક તારામાં અભિવ્યક્ત થયેલ ચેતના કરતાં તમે વધુ સારી રીતે જાણો છો. એટલે, થોડા ચળકાટ પછી તમે એમ કહી શકશો કે 'છેવટે આ બાબતમાં શ્રેષ્ઠ સાધન હું પોતે જ છું. હું પોતે કોણ છું ? હું કોણ છું તેની તો મને બરાબર ખબર નથી, પણ મારે કરવાનું કાર્ય આ જ છે. અને મારાથી શક્ય તેટલા પ્રમાણમાં હું જો એ સારી રીતે કરીશ. કદાચ વધુમાં વધુ સારું કાર્ય કરી શકીશ.' આ એક ભારે મોટી શરૂઆત હશે, ઘણી મોટી. એ તમને ગભરાવી મૂકે તેવું કે તમારી શક્તિમર્યાદા બહારનું કાર્ય છે, એ હંમેશાં તમે પહોંચી વળી શકો તેવું હોય છે, એમ પણ કહી શકાય કે તમે એની શરૂઆત કરો તેની રાહ જોવાતી હોય છે – એ કાર્યક્ષેત્ર તમારી શક્તિના પ્રમાણમાં જ હોય છે અને છતાં તેમાં તમને રસ પડે તેટલા પ્રમાણમાં વિવિધતા, સંકુલતા, વિશાળતા અને ગહનતાવાળું હોય છે. અને તમારે એ અજ્ઞાત જગતનો તાગ લેવાનો હોય છે.

ઘણા 'લોકો' તમને કહેશે, 'પણ આ તો અહંકાર છે !' જો તમે એ વસ્તુ અહંભાવપૂર્વક કરો, તમારા અંગત લાભ માટે કરો, તમે શક્તિઓ પ્રાપ્ત કરવાના હેતુસર કરો, બીજાઓ ઉપર તમારો પ્રભાવ પાડી શકો તેટલા પ્રમાણમાં શક્તિશાળી થવા પ્રયત્ન કરો, અથવા તમારા માટે એક આરામદાયક જીવન પ્રાપ્ત કરવાના સાધન તરીકે એ વસ્તુ કરો તો એ અહંકાર છે. કુદરતી રીતે, તમે જો એ વસ્તુ આ પ્રકારની ભાવનાથી કરો તો એ અહંકાર છે. પરંતુ એમાં મજાની વાત એ છે કે એમ કરવામાં તમે કોઈ વસ્તુ નહિ પામો ! તમે તમારી જાતને છેતરવાની શરૂઆત કરશો, તમે વધુને વધુ પ્રમાણમાં મિથ્યાભ્રમોમાં વસતા રહેશો અને તમે વધુને વધુ અચેતનતામાં પડતા જશો. એટલે, તમે ધારો છો એના કરતાં વસ્તુઓ વધુ સારી રીતે પ્રયોજવામાં આવેલી છે; જો તમે અહંભાવપૂર્વક કાર્ય કરશો (આપણે આગળ કહી ગયાં છીએ કે આપણું કાર્યક્ષેત્ર હંમેશાં આપણે પહોંચી શકીએ તેટલું પાસે હોય છે) તો પછી એનું કાંઈ પરિણામ નહિ આવે. એટલે એમાં જરૂરી

શરત એ છે કે દિવ્ય કાર્યની સિદ્ધિ અર્થે કાર્ય કરવાની તદ્દન ખરા દિલની અભીપ્સા તમારામાં હોવી જોઈએ. જો તમે એ રીતે શરૂઆત કરશો તો હું તમને ખાતરી આપું છું કે, ભલે સમય કદાચ લાંબો લાગે, છતાં તમારો પ્રવાસ એટલો બધો રસપ્રદ હશે કે તમને કદી પણ થાક નહિ લાગે. પરંતુ એ રીતનું કાર્ય તમારે દૃઢ સંકલ્પ, ખંત, અને મુશ્કેલીઓને તથા ભૂલોને હસતાં હસતાં પાર કરી જાય તેવી અનિવાર્ય ખેલદિલીપૂર્વક કરવાનું રહે છે. એમ હશે તો સૌ સારાંવાનાં થશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : ૨૮૩-૮૪)

પ્રજ્ઞાનું હાસ્ય

વ્યક્તિ પોતાની અંદર સંતાયેલી સંખ્યાબંધ નાની નાની આંટીઓ, શરૂઆતમાં પોતે જોઈ ન હોય એવી નાની નાની વસ્તુઓ શોધી કાઢે છે; વ્યક્તિ તેના અંતરમાં રહેલી આવી વસ્તુઓની પાછળ પડી, નાના નાના અંધારા ખૂણાઓમાં ખોળ કરતી જાય છે અને ત્યારે પોતાને કહે છે, ''આ શું, હું એવો હતો ! આ વસ્તુ મારી અંદર હતી, આ ક્ષુદ્ર વસ્તુ મેં મારી અંદર સંતાડી રાખી હતી!'' – કેટલીક વાર એટલી બધી ઘૃણાસ્પદ, એટલી બધી હલકટ, એટલી બધી દુષ્ટ કે કહેવાની વાત નહિ. અને એક વખત એ વસ્તુ જડી આવે એટલે પછી શો ચમત્કાર ! આપણે એના ઉપર પ્રકાશ ફેંકવાનો અને એ અદૃશ્ય થઈ જાય છે ! અને પછી તમારામાં પેલી તમને અત્યંત દુઃખી કરી મૂકતી પ્રતિક્રિયાઓ ઊભી થતી નથી કે જ્યારે તમારે એવું કહેવાનો પ્રસંગ આવતો કે ''અરે, આપણાથી એ વસ્તુ કદાપિ સિદ્ધ થવાની નથી.'' દાખલા તરીકે, તમે એક ખૂબ સીધોસાદો નિશ્ચય કરો (દેખીતી રીતે સીધોસાદો): ''હવેથી હું ફરી અસત્ય બોલીશ નહિ.'' અને અચાનક, એ કેમ અને કેવી રીતે આપોઆપ ઊછળી આવ્યું તેની તમને ખબર પડ્યા સિવાય અસત્ય બોલાઈ જાય છે અને તમે બોલી જાઓ ત્યાર પછી જ એ વસ્તુ તમારા ધ્યાનમાં આવે છેઃ ''પણ આ સાચું નથી- હમણાં મેં જે કહ્યું તે; હું બીજું જ કંઈ કહેવા માગતો હતો.'' એટલે તમે ખોળાખોળ કરો છો... ''આ વસ્તુ કઈ રીતે બની ? મારામાં એ રીતનો વિચાર કઈ રીતે આવ્યો અને એવી રીતે કેમ બોલાયું ? મારામાંની કઈ વસ્તુએ એનો ઉચ્ચાર કર્યો, કોણે એ પ્રમાણે બોલવા મને પ્રેર્યો ?....'' તમે તમારી જાતને એક તદ્દન સંતોષકારક દેખાતો હોય તેવો ખુલાસો આપી શકો છો કે ''એ વસ્તુ બહારથી આવેલી'' અથવા ''એ અચેતનતાની ક્ષણમાં બનેલું'', અને પછી ફરી એ વિશે વિચાર કરતા નથી. અને અન્ય પ્રસંગે ફરીથી એની એ વસ્તુ ચાલુ થાય છે. એને બદલે તમે જરા સંશોધન કરો : ''જે વ્યક્તિ અસત્ય બોલતી હોય છે એનો શો હેતુ હોય છે ?'' તમે દબાણ કરો છો – તમે દબાણ કરો છો અને અચાનક તમે તમારી અંદર એક નાનકડા ખૂણામાં પોતાની જાતને સાચી ઠરાવવા માગતી વસ્તુ, પોતાની જાતને આગળ ધરીને, વસ્તુઓને જોવાની પોતાની પદ્ધતિનું પ્રતિપાદન કરતી જુઓ છો (ગમે તે પ્રસંગ હોય, એમાં અનેક જાતનાં કારણો હોઈ શકે છે). એ વસ્તુ પોતે ખરેખર જે પ્રકારની હોય છે તેથી સહેજ જુદી રીતે પોતાને રજૂ કરે છે કે જેથી લોકોમાં તમારે માટે સારો અભિપ્રાય રહે અને તમારી કોઈ ખાસ અગત્યને પાત્ર વ્યક્તિ તરીકે ગણના થાય... પેલું અસત્ય બોલનાર વસ્તુ એ હતી જે તમારી ચેતનાને પડદા પાછળથી દોરતી હતી. જ્યારે તમે પૂરેપૂરા સાવધ ન હતા ત્યારે એણે તમારા મુખનો, તમારી જીભનો ઉપયોગ કરી દીધો,

અને પછી જે થવાનું હતું તે થયું. આ તો મેં તમને એક ઉદાહરણ આપ્યું. એવા લાખો બીજા દાખલા હોય છે અને એ આખી વસ્તુ ખૂબ રસપ્રદ હોય છે. અને તમે જેટલા પ્રમાણમાં આ વસ્તુને તમારી અંદરથી શોધી કાઢો છો અને જેટલા પ્રમાણમાં અંતરની સચ્ચાઈપૂર્વક કહો છો કે, ''આ વસ્તુ હવે બદલવી જોઈએ.'' તેટલા પ્રમાણમાં તમારામાં એક આંતરિક સ્પષ્ટ દૃષ્ટિ આવે છે, ધીમે ધીમે તમે બીજાઓમાં શું ચાલી રહ્યું હોય છે તે પ્રત્યે સભાન બનો છો અને ત્યાર પછી કોઈ વ્યક્તિનો તમને પસંદ ન હોય તે રીતનો અનુભવ થાય ત્યારે પણ તમે તમારો મિજાજ ગુમાવી બેસતા નથી; તમે વસ્તુઓ કઈ રીતે બને છે તે સમજી શકો છો, વ્યક્તિ પોતે ''આવી'' કેમ છે, પ્રતિકાર્યો કેવી રીતે ઉત્પન્ન થાય છે તેનો ખ્યાલ તમને આવતો જાય છે.... પછી, જ્ઞાનને કારણે જે ઉદારપણું તમારામાં આવ્યું હોય છે તેને લઈને તમે સ્મિત કરો છો. ત્યાર પછી તમે બીજાઓની તુલના કરવામાં કડક વલણ અપનાવતા નથી, પોતાનામાં કે અન્યમાં જે કાંઈ મુશ્કેલી હોય, એ ગમે તે કેન્દ્રમાંથી પ્રગટ થતી હોય તો પણ તેને ભગવાનને સમર્પિત કરો છો અને એનું રૂપાંતર થાય તે માટે પ્રાર્થના કરો છો. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૭-૮)

મૃત્યુ પરત્વેનું હાસ્ય

એવા લોકો પણ હોય છે જેઓએ તેમના શરીર ઉપર એટલા બધા અંશે તેમના મનનો અંકુશ સ્થાપિત કરેલો હોય છે કે એમને કશી લાગણી થતી નથી. મેં તે દિવસે તમને કેટલાક રહસ્યવેત્તાઓ વિશે વાત કરેલી : એ લોકોને જો એમ લાગે કે એમના ઉપર જે વેદના નાખવામાં આવેલી છે તેના વડે તેઓ અમુક તબક્કાઓને ક્ષણમાત્રમાં ઓળંગી જઈ શકશે અને પ્રભુ સાથે અદ્વૈતના સાક્ષાત્કારની સિદ્ધિરૂપી જે ધ્યેય તેમણે પોતાની સમક્ષ રાખેલું હોય છે તેને પ્રાપ્ત કરવા માટે એ વેદના એક પગથિયારૂપ બની રહેશે, તો એમને કોઈ પ્રકારની વેદનાની લાગણીનો અનુભવ થતો નથી. જાણે તેમના મનમાં જે વસ્તુની તેમણે ધારણા કરી હોય છે તેના વડે તેમનું શરીર પણ રસી લેવામાં આવ્યું હોય છે. આવું ઘણીવાર બનેલું છે, જે લોકોમાં યોગ્ય પ્રકારનો ઉત્સાહ હોય છે તેમને આ પ્રકારની ઘટનાઓના અનુભવ થવા એ એક ઘણી સામાન્ય વસ્તુ છે. અને છેવટે, જો એક યા બીજા કારણે વ્યક્તિને પોતાના દેહનો ત્યાગ કરીને નવો દેહ ગ્રહણ કરવાનો પ્રસંગ આવે તો એ વસ્તુને એક ઘૃણાસ્પદ પરાજય બનાવી મૂકવા કરતાં એને કોઈ અદ્ભુત, આનંદપૂર્ણ, ઉત્સાહસભર વસ્તુ બનાવવી એ શું સારું ન કહેવાય ? જેઓ પોતાના દેહને ચીટકી રહે છે, જેઓ પોતાના અંતને એક કે બે મિનિટ પૂરતો પણ મોડો લાવવા પ્રયત્ન કરે છે, જેઓ તમને એક ભયંકર અંતસ્તાપનો નમૂનો પૂરો પાડે છે, તેઓ બતાવી આપે છે કે તેઓ પોતાના આત્મા વિશે સભાન નથી.... આખરે તો દેહ પણ કદાચ એક સાધન જ છે, નહિ ? આ પ્રકારના અકસ્માતને, દરેક વસ્તુની જેમ વ્યક્તિ એક સાધનરૂપ બનાવી શકે; જો તે સભાન હોય તો એમાંથી એક સુંદર, અતિ સુંદર વસ્તુ પણ બનાવી શકે. અને એ વસ્તુ નોંધપાત્ર છે કે જેઓ મૃત્યુ વિશે કદીપણ વિચાર કરતા નથી. જેઓને તેમની સામે આવી રહેલ આ ''ત્રાસદાયક વસ્તુ''નું વળગણ લાગેલું હોતું નથી અને જેમાંથી ભાગી છૂટવા અથવા જેને તેમનાથી બને તેટલી દૂર

ધકેલવા પ્રયત્ન કરતા નથી તેવા લોકો જ એનાથી ભય પામતા નથી, ચિંતાતુર થઈ જતા નથી. અને પ્રસંગ આવ્યે કોઈપણ પ્રકારની લોલુપતા રાખ્યા સિવાય તેઓ મૃત્યુને ભેટી શકે છે. આવા લોકો જ્યારે ઘડી આવી પહોંચે છે ત્યારે માથું ઊંચું રાખી શકે છે, સ્મિત કરે છે અને કહે છે, ''આ રહ્યો હું''. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૨૬-૨૭)

પાછા હઠી જાઓ અને હસો

તમારી બાબતમાં કદી એવું બની આવ્યું છે કે કોઈ વાર તમને સ્વયંભૂ – પ્રયત્ન કર્યા વિના, આપોઆપ – ખ્યાલ આવી જાય કે તમે કોઈ ભૂલ કરી છે ? હું જે બાહ્ય પ્રતિક્રિયાને પરિણામે તમને ફટકો પડે છે, જેના વડે તમે સફાળા જાગ્રત થઈ જાઓ છો અને કહો છો : 'આહ ! મેં મૂર્ખાએ આ શું કર્યું ?' હું આવા પ્રસંગની વાત કરતી નથી. જ્યારે તમે કોઈ વસ્તુ કરતા હો, કોઈ વસ્તુને અનુભવતા હો, કોઈ વસ્તુ કહેતા હો – આપણે એક સાદો દાખલો લઈએ : મારે રોજની (ઓછામાં ઓછી) એક ડઝન ફરિયાદો સાંભળવાની આવે છે, મૂર્ખતાપૂર્ણ (મને આશ્ચર્ય થાય છે કે, માણસને પોતાની બુદ્ધિ હોવા છતાં, એ આવી વસ્તુઓ માટે કઈ રીતે તકરાર કરી શકતો હશે), તો, જ્યારે તમે જે શબ્દો ન બોલવા જોઈએ તેવા શબ્દો બોલતા હો છો, જે તદ્દન મૂર્ખતાપૂર્ણ વાત હોય છે, ત્યારે તમે ખરેખર જોઈ શકો છો કે તમે સાચેસાચ મૂર્ખ છો – આથી વધારે ખરાબ શબ્દ આપણે નહિ વાપરીએ – આવું તમને સ્વાભાવિકપણે જણાઈ આવે છે ?.... તમે હંમેશાં કાંઈક બહાનું કાઢો છો. તમને હંમેશાં એમ લાગતું હોય છે કે પેલી બીજી વ્યક્તિની ભૂલ છે, તમે સાચા છો અને ખરેખર એને કહેવાવું જોઈએ કે એની ભૂલ છે. હા, નહિ તો એને કઈ રીતે ખબર પડશે ? નહિ ને ? હું આ વસ્તુને જરા સ્થૂલ સ્વરૂપમાં રજૂ કરું છું, જાણે એક માઈક્રોસ્કોપમાંથી જોઈને કહેતી હોઉં તેમ, જેથી એ વસ્તુ જરા મોટી દેખાય. પરંતુ વસ્તુસ્થિતિ એવી જ હોય છે. અને જ્યાં સુધી એમ હશે ત્યાં સુધી તમે સાચી ચેતનાથી લાખો માઈલ દૂર હશો. જો તમે તરત જ, તત્કાલ તમારી જાતને થોડાં પગલાં પાછી ખેંચી લઈને બીજી વ્યક્તિને સ્થાને મૂકી જોતા નથી, એની લાગણી શા કારણે આ પ્રમાણેની છે તે સમજતા નથી, તમારી પોતાની દુર્બળતાની ઝાંખી કરી શકતા નથી, એ બેઉ વસ્તુઓની સરખામણી કરીને એવા નિર્ણય ઉપર આવી શકતા નથી કે : 'હા, એ વસ્તુ એમ છે, સાચી વસ્તુ એવી છે,' તો એનો અર્થ એ કે તમે હજી બહુ પાછળ છો. જ્યારે તમે આ વસ્તુ આપોઆપ કરી શકશો, તત્કાળ, જ્યારે એમ કરવામાં તમને વખત નહિ લાગે, જ્યારે એ તમારી સ્વાભાવિક ગતિ હશે, ત્યારે તમે સંતોષ લઈ શકશો કે તમે સાચી પ્રગતિ કરી છે.... આવો અનુભવ તમને દિવસમાં કેટલી વાર થાય છે ? જ્યારે તમે ભલે ખુલ્લેખુલ્લા લડવા મંડી પડતા નથી, પણ એ પ્રકારનું પ્રતિકાર્ય તમારા મસ્તકમાં થતું હોય એવું કેટલી વાર બને છે ? ત્યાં એ તમારા મસ્તકમાં કૂદાકૂદ કરે છે અને જ્યારે આવી વસ્તુઓ બનતી હોય છે ત્યારે તમે એક એવી ડહાપણભરી સમતા જાળવી રાખી શકતા નથી કે જે નિરીક્ષણ કરતી રહેલી હોય, જે સમજી શકતી હોય કે વસ્તુઓ કઈ રીતે બને છે અને એમ કેમ થાય છે – અને આ વસ્તુ તમારે એવી પક્ષપાતવિહીનપણે કરવાની હોય છે કે જેથી તમે હંમેશાં હસતા જ રહો અને તમારામાં કદી

પણ કોઈ જાતનું હિંસક પ્રતિકાર્ય ન જન્મે, કદી નહિ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૧૫૬-૫૭)

દુશ્મન પ્રત્યે સ્મિત કરવું

બાળક : આપે અહીં કહ્યું છે કે, 'શત્રુ પ્રત્યે સ્મિત કરવું એટલે તેને નિઃશસ્ત્ર બનાવવો'* આ 'સ્મિત' એટલે શું ? આપણે આપણા શત્રુ સામે સ્મિત ન કરવું જોઈએ ?

શ્રી માતાજી : આપણે.... ન કરવું જોઈએ ! અહીં તો એક અનુભવની વાત કરવામાં આવી છે. એ એક અનુભવની નોંધ છે. પરંતુ તેને સર્વસામાન્ય રૂપમાં વ્યક્ત કરવામાં આવી છે — પરંતુ કોઈ એક પળે, કોઈ વ્યક્તિ તમારી પાસે ક્રૂરમાં ક્રૂર બદઇરાદે આવે અને જો તમે એની સામે સ્મિત કરો તો એ સંપૂર્ણપણે પરાસ્ત થઈ જાય છે, એનાથી પછી કશું નહિ થાય. પરંતુ તમારું એ સ્મિત ખરા હૃદયનું હોવું જોઈએ. તમે કેવળ હાસ્ય કરો, મોં મલકાવો અને વિચાર કરો.... (હસાહસ) હું 'સ્મિત' શબ્દ એના પરિપૂર્ણ અર્થમાં કહું છું. એટલે કે, એવી વેળાએ તમે સંપૂર્ણપણે તમારી જાતના સ્વામી હો અને સર્વ વસ્તુઓથી પર હો અને એક એટલી બધી ઊંચી ચેતનામાં હો કે જે ઉપરથી દૃષ્ટિ નાખી શકે; જ્યાંથી તમને જે વસ્તુ સામાન્ય માનવ ચેતનાને અત્યંત ભયજનક અને અત્યંત નાટકિય જેવી લાગે તેમ હોય, તે વસ્તુ કોઈ વ્યક્તિની બાલિશતા પ્રત્યે તમને ઊપજતું હોય તેવું 'સ્મિત' કરવા પ્રેરે. અને જો તમે એવી ચેતનામાં હો કે જ્યાંથી તમે સૌ વસ્તુઓ પ્રત્યે સ્મિત કરી શકો (કારણ કે ત્યારે તમે સર્વ વસ્તુઓનાં કારણો અને તેમની અંદર કાર્ય કરી રહેલી શક્તિઓ વિશે જાણતા હો છો), તમે એવી ચેતનામાં રહીને જે કાંઈ બનતું હોય તેના પ્રત્યે સ્મિત કરશો, તો વસ્તુઓ તરત જ બદલાઈ જશે. આ કેવળ બહારનું અને સામાજિક વિવેક પૂરતું સ્મિત હોવું ન જોઈએ, એમાં તો ચૈત્ય સ્વરૂપનું સ્મિત હોવું જોઈએ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૫૦૧-૦૨)

મુશ્કેલીમાં આનંદાનુભૂતિ

પ્રશ્ન : માણસ જ્યારે મુશ્કેલીમાં હોય, ત્યારે તે મધુરતાને અને આનંદને કેવી રીતે અનુભવી શકે ?

ઉત્તર : જ્યારે મુશ્કેલી અહંતામય અને અંગત હોય છે ત્યારે જો સાધક તેનું બલિદાન કરી વિશુદ્ધિના અગ્નિમાં તેનો હોમ કરે, તો તરત જ તે પ્રગતિના આનંદને અનુભવે છે. જો તે દિલની સચ્ચાઈપૂર્વક તેમ કરે, તો તરત જ આનંદ ફૂટી નીકળે છે.

નિરાશ થવાને બદલે, શોક કરવાને બદલે, સ્પષ્ટ રીતે આ જ વસ્તુ કરવી જોઈએ. જો માણસ તેનો હોમ કરી દે અને દિલની સચ્ચાઈપૂર્વક રૂપાંતર તથા વિશુદ્ધિ માટેની અભીપ્સા સેવે, તો તરત જ હૃદયનાં ઊંડાણોમાંથી ફૂટી આવતા આનંદને તે અનુભવે છે. મુશ્કેલી જ્યારે ખૂબ શોકમય હોય ત્યારે પણ આમ કરવાથી ખૂબ સફળતા મળે છે. તેને ભાન થાય છે કે શોક ગમે તેટલો ઉત્કટ હોય પણ તેની પીઠમાં દિવ્ય આનંદ રહેલો છે.

તકરાર કર્યા વગર વ્યક્તિ રહી શકે છે

તમે કાંઈ પણ તકરાર કર્યા વિના જીવી શકો છો. આ કહેવું એ જરા હાસ્ય ઉપજાવે એવું છે.

---

* શ્રી માતાજીની વાણી, ૧૯૬૪ આવૃત્તિ, પૃ. ૧૨

જગત જે રીતે ગોઠવાયેલું છે એ જોતાં તો એમ જ લાગે છે કે જીવન જાણે તકરારોને માટે જ નિર્માયેલું છે. એટલે કે માણસોને જ્યારે કોઈની સાથે રહેવાનું બનતું હોય છે ત્યારે તેમની મુખ્ય પ્રવૃત્તિ તે, ખુલ્લી રીતે કે ગુપ્ત રીતે, તકરાર કરવી એ જ બની રહેતી જાય છે. બેશક, તમે હંમેશાં વાગ્યુદ્ધ તો નથી જ કરતા, અથવા તો સદ્‌ભાગ્યે મારામારી પણ નથી કરતા, પણ તમારી એક સતત ઉદ્વેગની અવસ્થા રહેતી હોય છે. તમે પોતે જે પૂર્ણતા મેળવવા માગતા હો છો તે તમને તમારી આસપાસની પરિસ્થિતિમાં જોવા મળતી નથી. એ પૂર્ણતા તમારે પોતાને મેળવવી તો કંઈક મુશ્કેલ પણ જણાતી હોય છે, પણ બીજાઓએ તો તે મેળવી લેવી જ જોઈએ એ વાત તો તમે બહુ જ સરળ રીતે સ્વીકારી લીધી હોય છે.

'માણસે આવા તે કેમ હશે ?' ... પણ માણસો ભૂલી જાય છે કે 'આવા' ન રહેવા માટે તેમને પોતાને જ કેટલી બધી મુશ્કેલીઓ પડતી હોય છે !

આનો પ્રયોગ કરી જુઓ અને તમને સમજાઈ જશે.

એટલે દરેક વસ્તુ પ્રત્યે એક ઉદાર સ્મિતપૂર્વક જુઓ. જે જે વસ્તુઓ તમને ઉદ્વેગ કરતી હોય તે બધી તમારે માટે એક રીતનો પદાર્થપાઠ છે એમ ગણો. અને તમારું જીવન ઘણું ઘણું શાંતિમય બનશે, એટલું જ નહિ, તમારું જીવન ઘણું વધારે સફળ પણ બનશે. કારણ કે તમને પોતાને જે પૂર્ણતા સિદ્ધ કરવી હોય છે તે જ્યારે તમને બીજાઓમાં દેખાતી નથી ત્યારે તમે જે ઉદ્વેગ અનુભવો છો એમાં તો ખરેખર તમારી ઘણી શક્તિ નકામી ખરચાઈ જતી હોય છે.

તમે બીજા લોકોએ કઈ રીતે પૂર્ણ બનવું જોઈએ એ વિચાર આગળ જ અટકી જાઓ છો. પણ તમારે પોતે જે લક્ષ્ય સિદ્ધ કરવાનું છે તે વાતનો તમને ખ્યાલ રહેતો નથી. તમને જો આ સભાનતા આવી જાય તો તો પછી, તમને જે કામ આપવામાં આવેલું છે, એટલે કે તમારે જે કરવાનું છે તે કરવાનો જ આરંભ કરી દો. બીજાઓ શું કરે છે એ વાતની પંચાતમાં પડ્યા વિના તમે પોતે જ તમારી વસ્તુ સિદ્ધ કરવા લાગી જાઓ. કારણ કે, ખરું જોતાં તો, બીજાઓ શું કરે છે એની સાથે તમારે કશો જ સંબંધ નથી. અને આ બાબતમાં સાચું વલણ લેવાની સારામાં સારી રીત આ છે : તમારી જાતને માત્ર આટલું જ કહી દો, 'મારી આસપાસ જે કોઈ માણસો આવી રહેલા છે, મારા જીવનના જે જે સંયોગો છે, મારી નજીકમાં જે માણસો છે એ બધું દિવ્ય ચેતનાએ મને આપેલું એક દર્પણ છે. મારે જે પ્રગતિ કરવાની છે તેનું દર્શન મને એમાંથી થશે. બીજાની અંદર જે કોઈ વસ્તુ જોઈ મને આઘાત થાય છે તે જ કામ મારે મારી પોતાની અંદર કરવાનું છે.'

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : ૨૮-૨૯)

વસ્તુઓને જોવાની બીજી રીત

શ્રી અરવિન્દ આ જ વસ્તુ કહેવા માગતા હતા, ભૂલ એ અગણિત, અનંત શક્યતાઓમાંની એક છે એ તો દેખીતું જ છે. 'અનંત' એટલે કે 'સંપૂર્ણ', એમાં પછી કોઈ પણ વસ્તુ સંભાવનાની શક્યતાથી બહાર રહેતી નથી. તો પછી ભૂલને આપણે કઈ જગાએ મૂકીશું ? આ વસ્તુ ભૂલ છે એમ તો આપણે કહીએ છીએ, એ વસ્તુ જ આખી યથેચ્છિત રીતે બોલાતી હોય છે. આપણે કહીએ છીએ કે, આ વસ્તુ ભૂલ છે, પણ તે કોની સાથે સરખાવતા ભૂલ છે ? 'આ વસ્તુ સાચી છે'

એમ આપણી જે દૃષ્ટિ હોય છે તેની સરખામણીમાં તે ભૂલ છે. પણ પ્રભુની જે દૃષ્ટિ છે તેની રીતે એ ભૂલ નથી, કેમકે એ વસ્તુ તો પ્રભુનો પોતાનો જ એક ભાગ છે.

ચેતનાને વિશાળ કરવાની આ જે ક્રિયા છે, એને સહન કરી શકે તેવા માણસો બહુ નથી.

અને હું જ્યારે આ રીતે જોવા લાગું છું (માતાજી પોતાની આંખો બંધ કરે છે) ત્યારે બે વસ્તુઓ એકી સાથે દેખાય છે : હા, આ એક સ્મિત છે, આનંદ છે, ત્યાં એક આ હાસ્ય છે અને પછી શાંતિ છે, ત્યાં શાંતિ છે, ખરું કે નહિ ? શાંતિ, એવી તો સભર, એવી તો તેજોમય, એવી તો સંપૂર્ણ, ત્યાં તો હવે કોઈ લડતું નથી, ત્યાં કોઈ વિરોધી વસ્તુઓ નથી. કોઈ વસ્તુ હવે અથડાઅથડી કરતી નથી. ત્યાં હવે નરી એકમાત્ર તેજોમય તેજોમય સંવાદિતા આવી રહેલી છે — અને છતાં આપણે જે કોઈ વસ્તુને ભૂલ કહીએ છીએ, વેદના, દુઃખ કહીએ છીએ, એ બધું પણ ત્યાં છે. પેલી સંવાદિતા કોઈ પણ વસ્તુને દબાવી દેતી નથી. એ જોવાની એક બીજી રીત છે.

(લાંબું મૌન)

અને આ વસ્તુ પણ સ્પષ્ટ છે કે આપણે જો આમાંથી (ભૂલ, વેદના, ક્લેશ) સાચેસાચ બહાર નીકળી આવવા માગતા હોઈએ તો એ કાંઈ એટલું બધું મુશ્કેલ પણ નથી હોતું. આમાં તમારે પોતાને કાંઈ જ કરવાનું રહેતું નથી, તમારે બધું પ્રભુને જ કરવા દેવાનું રહે છે. અને પ્રભુ બધું કરી લે છે. પ્રભુ બધું જ કરે છે. એ એવી તો અદ્‌ભુત વસ્તુ છે, એવી તો અદ્‌ભુત !

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : ૧૭૦-૭૧)

પ્રભુની લીલા - વ્યક્તિએ પોતે ભજવવાનો ભાગ

જે ક્ષણે તમારી આસપાસનું વાતાવરણ ચિંતાજનક બની જાય તે જ ક્ષણે તમારે સમજી લેવાનું કે કંઈક ખોટું થઈ રહ્યું છે. કોઈ હાનિકર્તા અસર વાતાવરણમાં આવી ગઈ છે. કોઈ જૂની ટેવ ફરી પોતાને પ્રસ્થાપિત કરવા મથી રહી છે અને તમારે એનો અસ્વીકાર કરવો જોઈએ. અફસોસની લાગણીઓ, પશ્ચાતાપનો અનુભવ, પોતે ખોટો છે, અપાત્ર છે, વિ. અને એમાંય એક ડગલું આગળ જાઓ તો તમને 'પાપ' કર્યાની લાગણી અનુભવાય છે. ઓહ ! મને તો આ બધી વસ્તુઓ કોઈ જુદા જ યુગની પેદાશ લાગે છે; અંધકારયુગની પેદાશ લાગે છે. પરંતુ જે વસ્તુઓ ટકી રહી છે. બધી જાતની મનાઈઓ જીવનને બે ભાગમાં — આ નાનું અને આ મોટું, આ પવિત્ર અને પેલું અપવિત્ર — વહેંચી દેવાની વૃત્તિ, અને જે લોકો આધ્યાત્મિક જીવન જીવતા હોવાનો દેખાવ કરતા હોય છે તેઓ તો જણાવશે 'શું !' તેઓ એમ પણ કહેશે 'આટલી નાની વસ્તુ (હસતા રહેવાનું) જેનું કંઈ મહત્ત્વ નથી તેને તમે આધ્યાત્મિક અનુભૂતિનો વિષય કેવી રીતે બનાવી શકો ?' અને છતાં એજ અનુભૂતિ વધુ મહાન અને વાસ્તવિક બની રહી છે એ અનુભવાયું છે. તદ્દન સ્થૂળ અર્થમાં પણ અમુક વસ્તુઓમાં પ્રભુનો વાસ છે અને અમુક વસ્તુઓમાં નથી એ ભૂલભરેલી માન્યતા છે. ઈશ્વર હંમેશાં દરેક વસ્તુમાં હોય છે જ. એ કોઈપણ વસ્તુને ગંભીરપણે લેતા નથી. દરેક વસ્તુ એમને રમૂજ પૂરી પાડે છે અને એ લીલા કરતા રહે છે. એ તમારી સાથે પણ લીલા કરે છે, જો તમે લીલાને સમજી એમાં ભાગ લઈ શકો તો. પણ તમે લીલાને સમજી શકતા નથી અને

એમાં ભાગ લઈ શકતા નથી. લોકોને પોતાનો ભાગ ભજવતા આવડતું જ નથી હોતું ! જ્યારે ઈશ્વર કેવી સુંદર લીલા કરી જાણે છે ! કેવી સરસ રીતે લીલા કરતા રહે છે ! દરેક વસ્તુ સાથે, નાનામાં નાની વસ્તુ સાથે એ રમત રમી રહ્યાં છે. ધારો કે તમને એક ટેબલ ઉપર ગોઠવવા માટે કેટલીક વસ્તુઓ આપવામાં આવી છે. હવે એને કેવી રીતે ગોઠવવી એનો વિચાર કર્યા કરશો નહિ, એની ગોઠવણ કેવી રીતે કરવી તેની ગડમથલમાં પડ્યા વગર... ચાલો આપણે રમત કરીએ... એક વસ્તુ અહીં રાખી દો, બીજી આ તરફ, તો ત્રીજી પેલા ખૂણે અને આમ ફરીથી.... બીજી વખત આમ તેમ અદલાબદલી કરી લો... કેટલી સુંદર રમત છે ! અને કેવી મઝા આવે... ખરું ને ? તો આપણે હવે એ માન્ય રાખીએ છીએ કે પ્રભુ સાથે કેવી રીતે હસવું એની જાણકારી મેળવવાનો પ્રયત્ન કરતા રહીશું. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : ૧૮૦)

Smile of Nature

Nature rejoices in her beauty.

Spiritual significance and explanation given by the Mother

ખુશમિજાજીપણું

ચૈત્ય ખુશમિજાજીપણું

મધુરતા અને આનંદની લાગણી વધારતા રહો, કારણ કે આ લાગણીઓ તે આત્માની દૃઢ નિશાની છે. ચૈત્યપુરુષની જાગૃતિ અને એના આપણી સાથેના સંપર્કની એ નિશાની છે.... એક મુખ્ય વસ્તુને વળગી રહો – તમારો ચૈત્યપુરુષ – અને એ પોતાની સાથે જે ઊર્ધ્વ વાસ્તવિકતાઓને લઈને આવે છે તે.

*

એ પ્રકારનું ખુશમિજાજીપણું તમારી અંદર હંમેશાં અમે જોવા માંગીએ છીએ. ચૈત્યપુરુષનો આનંદ તમારી અંદર પ્રકટ થયો છે અને ગમે તે મુશ્કેલી આવે એટલું નિશ્ચિત છે કે એ ચૈત્ય આનંદ તમને આગળ દોરી જશે અને ધ્યેય સુધી પહોંચાડી દેશે. સાધક જ્યારે એ ચૈત્ય આનંદ સતત જાળવી રાખે છે ત્યારે અમે એ જાણી લઈએ છીએ કે સાધકે ખરાબમાં ખરાબ મુશ્કેલીને જીતી લીધી છે અને હવે તે દૃઢપણે સહીસલામત માર્ગ ઉપર છે.

*

ખુશ રહેવું, ખુશમિજાજી બની રહેવું એમાં આધ્યાત્મિક રીતે કશું જ ખોટું નથી. એનાથી વિરુદ્ધ, એ જ યોગ્ય વસ્તુ છે. સંઘર્ષ અને અભીપ્સા બાબતે જણાવવાનું કે સંઘર્ષો પ્રગતિ કરવા માટે ખરેખર અનિવાર્ય વસ્તુ નથી જ....સંઘર્ષ કરતા રહેવાનું વલણ સતત રાખવું એ ઇચ્છવાજોગ નથી. એક છે સૂર્ય પ્રકાશિત માર્ગ અને બીજો છે ખિન્ન, ઉદાસ માર્ગ. અને એ બેમાંનો સારો માર્ગ એ છે – જે માર્ગમાં સાધક શ્રી માતાજી ઉપર સંપૂર્ણ ભરોસો રાખીને આગળ વધે છે; કશાનો ડર રાખ્યા વગર, કશાનો શોક કર્યા વગર, એ માર્ગમાં અભીપ્સા જરૂરી હોય છે અને એ અભીપ્સા પણ સૂર્યપ્રકાશિત હોઈ શકે છે. પ્રકાશસભર, શ્રદ્ધાસભર અને વિશ્વાસપૂર્ણ, આનંદસભર. મુશ્કેલી જો આવે, તો એનો સામનો પણ સ્મિત સહ થઈ શકે.

*

આંતરિક આનંદ અને ખુશમિજાજીપણું સાધનામાં સહાય કરે છે. પરંતુ આ (હળવી મસ્તી મજાક) છે પ્રાણ-શક્તિના સપાટી ઉપરના ઊભરા માત્ર. સામાન્ય જીવનમાં એ મસ્તીમજાક બરાબર છે; પરંતુ યોગમાર્ગમાં એ માત્ર પ્રાણ-શક્તિનો વિસ્તાર જ કરે છે, જેનું કોઈ પરિણામ આવતું હોતું નથી. (CWSA 31 : 173-174)

*

અવરોધો સામે ખુશમિજાજીપણે ખંતપૂર્વક મંડ્યા રહો

આ રીતે આપણે સાધનાપથ ઉપર ચાલવાની શરૂઆત કરીએ છીએ. પણ રસ્તો ઘણો લાંબો

છે. રસ્તે ઘણી વસ્તુઓ બને છે. અચાનક તમને એમ લાગે છે કે તમે કોઈ વિરોધને ઓળંગી ગયા છો, હું કહું કે 'લાગે છે', કારણ કે, જો કે તમે વિરોધને ઓળંગી તો ગયા હો છો પરંતુ તેના પર સંપૂર્ણપણે જીત મેળવી નથી હોતી. હું આ બાબતમાં એક સામાન્યપણે જોવામાં આવતી વસ્તુનો દાખલો લઈશ. કોઈપણ વ્યક્તિને એમ લાગતું હોય છે કે તેનો પ્રાણ નિરંકુશ અને અસંયમી છે, એ નકામો ઉશ્કેરાઈ જતો રહે છે. હવે એ વ્યક્તિ એ પ્રાણને વસ્તુઓની પછવાડે ન ખેંચાઈ જવા અને નજીવી બાબતમાં ન ભભૂકી ઊઠવા, સ્વસ્થતા જાળવી રાખવા અને જીવનના આઘાતો પ્રત્યે તીવ્ર પ્રતિકાર્ય કર્યા સિવાય સહી લેતાં શીખવવાની શરૂઆત કરે છે. જો એ વ્યક્તિ આ કાર્ય આનંદપૂર્વક કરે છે તો વસ્તુઓ સારી રીતે ઝડપથી આગળ વધે છે (આ વસ્તુ ખાસ યાદ રાખજો, એ બહુ અગત્યની છે : જ્યારે તમારે તમારા પ્રાણમય સ્વરૂપ સાથે કામ પાડવાનું હોય ત્યારે તમારો મિજાજ આનંદમાં રહે તેનીય ખાસ કાળજી રાખવાની જરૂર રહે છે, નહિ તો તમે મુશ્કેલીમાં આવી પડો છો). તો તમે તમારો મિજાજ ઠેકાણે રાખો છો, એટલે કે, જ્યારે તમારામાં તોફાન ઊઠતું જુઓ છો ત્યારે તમે હસો છો. તમે ઢીલા થઈ જઈને એમ કહેતા નથી કે, 'અરે ! મારા બધા પ્રયત્નો હોવા છતાં આ તો ફરીથી એનું એ શરૂ કરે છે.' એને બદલે તમે હસો છો અને કહો છો, 'ઠીક, ઠીક, તો હજી આનો અંત નથી આવ્યો, એમ ને ! જો ભાઈ પ્રાણ, આ રીતે વર્તવું વિચિત્ર નથી ? તને પોતાને જ ખબર છે કે તું વિચિત્ર રીતે વર્તી રહ્યો છે ! આમ ગુસ્સે થવાથી કંઈ ફાયદો છે ?' તમે એને આ રીતનું શિક્ષણ સ્વસ્થપણે આપો છો. અને સાચેસાચ, થોડા સમય પછી, એ ફરી વાર ગુસ્સે થતો નથી, એ શાંત રહે છે — અને ત્યારે તમે તમારી ધ્યાન રાખવાની દોરી જરા હળવી મૂકો છો. તમને એમ લાગે છે કે મુશ્કેલીનો અંત આવ્યો. તમને એમ લાગે છે કે કંઈક પરિણામ આવ્યું છે : 'મારો પ્રાણ હવે મને પજવતો નથી, હવે તે ગુસ્સે થતો નથી, હવે બધું બરાબર ચાલે છે.' અને પછી બીજે દિવસે તમે તમારો મિજાજ ગુમાવી બેસો છો. અને એવે વખતે તમારે ખાસ કાળજી રાખવાની રહે છે, ત્યારે પણ તમારે એમ નથી કહેવાનું કે, 'આપણે તો હતા ત્યાંને ત્યાં છીએ, આમાં કંઈ થઈ શકે તેમ નથી, મારાથી કશું થઈ શકવાનું નથી, મારા બધા પ્રયત્નો એળે જવાના છે; આ બધું એક ભ્રમ છે, આ અશક્ય વસ્તુ છે.' એને બદલે તમારે એમ કહેવું કે, 'મેં બરાબર ધ્યાન જાળવ્યું લાગતું નથી.' તમે એમ કહી શકો કે, 'હા, હવે આ વસ્તુ પૂરેપૂરી સિદ્ધ થઈ ગઈ છે.' એ માટે તો લાંબા સમય સુધી, ઘણા લાંબા સમય સુધી રાહ જોવાની રહે છે. કેટલીક વાર, વ્યક્તિને આ માટે વર્ષો સુધી, ઘણાં વર્ષો સુધી રાહ જોવી પડે છે....

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : ૨૭૯-૮૦)

*

આંતર હાસ્યરસ જાળવી રાખો

સામાન્યતઃ એમ થતું હોય છે કે એક દિશામાં કરેલી સર્વ પ્રગતિ બીજી દિશાએથી થતા વિરોધી શક્તિઓના હુમલા દ્વારા નષ્ટ થઈ જતી હોય છે. એટલે તમે વધુ પ્રગતિ કરો ત્યારે તમારે વધુ સાવધાન રહેવું જોઈએ. અને આ માટે એકદમ જરૂરી ગુણ કેળવવાનો રહે છે, એ છે ખંતપૂર્વક

મંડ્યા રહેવું, ટકી રહેવું અને....હું એને શું કહું ? એક પ્રકારનો આંતર હાસ્યરસ જાળવી રાખવો, જે તમને નિરાશ ન થવામાં સહાય કરશે, ઉદાસ ન થવામાં તથા સર્વ મુશ્કેલીઓનો સ્મિતપૂર્વક સામનો કરવામાં મદદરૂપ થશે. આને માટે અંગ્રેજી શબ્દ છે : CHEERFULNESS (ખુશમિજાજીપણું) આ ખુશમિજાજીપણું તમે જો તમારા અંતરમાં જાળવી રાખો તો તમે ખરાબ અસરો સામે – જે તમારી પ્રગતિમાં અવરોધ કરતી હોય છે – ખૂબ સારી રીતે લડાઈ લડી શકો, વધુ સારી રીતે પ્રતિકાર કરી શકો. (CWSA 8 : 23)

*

ખુશમિજાજીપણું એ છે સાધનાનું નિમક (મીઠું). એ ખિન્નતા કરતાં એક હજારગણું વધુ સારું છે.

(CWSA 31 : 173) **શ્રી અરવિન્દ**

Cheerfulness

A joyful smile of nature.

Spiritual significance and explanation given by the Mother

''જુઓ ! આ પુષ્પો છે અને આશીર્વાદ છે ! આ દિવ્ય પ્રેમનું સ્મિત છે ! એનામાં કશી પસંદગીઓ નથી અને ઘૃણાઓ નથી.... એક ઉદાર પ્રવાહમાં તે પ્રેમ સર્વ પ્રત્યે વહી રહ્યો છે અને પોતાની અદ્‌ભુત બક્ષિસોને તે કદી પાછી લઈ લેતો નથી.''

શાશ્વત મા ભગવતી તીવ્ર આનંદના ભાવમાં પોતાના બાહુઓ વિસ્તારીને, જગત ઉપર પોતાના પવિત્રતમ પ્રેમનું અસ્ખલિત ઝાકળ રેડી રહી છે !

શ્રી માતાજી

(શ્રી માતાજી ૬૪ પ્રાર્થનાઓ અને ધ્યાન : પૃ. ૧૩૭)

આપણું હાસ્ય પુનઃ પ્રાપ્ત કરવું

સ્વ–મહત્ત્વની લાગણી

જો વ્યક્તિ પોતાની જાત પ્રત્યે ખૂબ સચ્ચાઈપૂર્વક જુએ, ખૂબ સ્પષ્ટ રીતની અને ખૂબ કડકાઈથી, તો તે ખૂબ ઝડપથી શોધી શકે છે કે ચેતનાની ઘણી થોડી વસ્તુઓ, બહુ ઓછી ક્રિયાઓ કામનાના મિશ્રણ વગરની હોય છે. તમે જેને ઉચ્ચતર ગતિ ગણો તેમાં પણ કાયમ.... નહિ એટલું સારું છે કે કાયમ નહિ, પરંતુ ઘણોખરો સમય કોઈ કામનાનું મિશ્રણ હોય છે, પોતાની અંગત અગત્યતાની કામના, ફક્ત આ જ વસ્તુ : એક પ્રકારનો આત્મસંતોષ, બીજા કરતાં પોતે ચડિયાતા હોવાનો સંતોષ.

જે લોકોને યોગીઓ થવું છે, જેથી કરીને તેમના પડોશીઓ ઉપર તેઓ છાપ પાડી શકે અને બીજાઓ ઉપર સત્તા જમાવી શકે અને તેથી બીજા બધાને તેમના માટે પ્રશંસા અને માનની લાગણી થાય. તેના કરતાં આ વસ્તુ ઘણી વધારે સારી છે. કેટલીક વસ્તુઓ સાચેસાચી વિશુદ્ધ હોય છે ! શુદ્ધ અભીપ્સા ? તમે ઘણી ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત કરી હશે, જે સ્તરની મેં વાત કરી તેના વિશે વ્યક્તિ પોતાની જાતને હાસ્યથી જોઈ શકે, થોડુંક કટાક્ષમય હાસ્ય, અને તેને એમ અનુભવાય કે તે કેટલો તો નાનો હતો, કેટલો નાનો, કેટલો નાનો. એટલો બધો ક્ષુદ્ર, સાવ તુચ્છ અને સાવ મૂર્ખ. ત્યાર પછી વસ્તુઓ સારી રીતે ચાલે છે. પણ કેટલા લાંબા સમય સુધી બધી જ ગલીઓ તેમના પોતાના તરફ પાછી ફરેલી છે ! તમે સૂસવાટા મારતા ઊપડો છો, જાણે કે તમે વિશ્વની સામે આગળ કૂદકો મારતા હો અને તમે તમારી પોતાની જાત પ્રત્યે પાછા ફરો છો. એક નાના પરિણામની ઇચ્છા સાથે, થોડોક સંતોષ અનુભવો છો, ઘણા નાના પ્રકારનો સંતોષ. જો કે તમે પોતે તો તમારું આવું મૂલ્યાંકન કરતા હો છો, ''અહો ! મારી કેટલી સુંદર અભીપ્સા હતી !'' તો તમારી આ સ્થિતિ છે.

એવો પ્રભુ જે હાસ્ય ન કરી શકતો હોય તેણે આ વિનોદી વિશ્વનું સર્જન કર્યું હોઈ શકે નહિ.

(CWSA 10 : 345) **શ્રી માતાજી**

ગુસ્સો હંમેશાં નબળાઈની નિશાની છે

ઉશ્કેરાટ, ઉગ્રતા, ગુસ્સો, આ બધી જ વસ્તુઓ કાયમ, અપવાદ વગર, નિર્બળતાની નિશાનીઓ છે. અને જ્યારે કોઈ પોતાની વાણીમાં ઉશ્કેરાઈ જાય છે અને ખાસ કરીને જે વસ્તુ તેણે ન બોલવી જોઈએ તેવું બોલે છે, તો આ ખરેખર ભીતિયુક્ત માનસિક નબળાઈની નિશાની છે – માનસિક અને પ્રાણિક – ભીતિની. નહિ તો તમે જગતમાંનાં બધાં અપમાનો સહન કરો અને લોકો બધી શક્ય મૂર્ખાઈઓ વિશે વાત કરે; જો તમે નિર્બળ નહીં હો, તો તમે કદાચ બહારથી હસતાં નહીં હો, કારણ કે હસવું એ સારો ભાવ પેદા કરતું નથી, પરંતુ ઊંડાણમાં તમારી પોતાની અંદર, તમે હસતા હશો. તમે તેને ચાલી જવા દો છો, તે તમને સ્પર્શ કરતું નથી.... ફક્ત તમે તમારા મનમાં સ્થિર રહેવાની ટેવ પાડી હશે, જે પ્રમાણે મેં તમને સલાહ આપી છે તે મુજબ, જો તમને સત્યનું તમારી અંદર દર્શન થયું હશે, તો તમે ગમે તે વસ્તુ સાંભળી શકશો. તમારામાં એ એક આંદોલન જેવું પણ ઉત્પન્ન નહીં કરે – દરેક વસ્તુ અવિચલ અને સ્થિર રહે છે. અને આપણે હમણાં થોડા વખત પહેલાં વાત કરી તે સાક્ષી હાજર હશે, જે આ પ્રહસન ઉપર નજર રાખતો હશે, તો તે ખરેખર સ્મિત કરતો હશે.

પરંતુ જો તમે બીજી વ્યક્તિ તરફથી ફેંકાયેલાં ઉગ્રતાનાં અને ગુસ્સાનાં, આવેગોનાં આંદોલનોને તમારા ઉપર ઝીલશો, જો તમને તેની અસર થાય, પહેલાં શરૂઆતમાં તો તેમ થાય છે..... અને પછીથી ઓચિંતાનો એક સામો પ્રત્યાઘાત ઘટે; અને તમે પોતે જ જો ગુસ્સે થવા લાગો તો ખાતરી રાખજો કે તમે પણ તેના જેટલા જ દુર્બળ છો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૩૬૧-૬૨)

*

સ્વતંત્રતા અને પ્રેમ

સ્વાધીનતા ! એક વૃદ્ધ જ્ઞાની પુરુષ પાસે એક માણસ આવ્યો. તે માણસે કહ્યું, ''મારે સ્વતંત્ર થવું છે ! હું એક સ્વતંત્ર પ્રાણી છું ! જ્યારે હું સ્વતંત્ર હોઉં છું, ત્યારે જ હું અસ્તિત્વ ધરાવું છું !'' તે જ્ઞાની પુરુષે સ્મિત કરીને જવાબ આપ્યો, ''તો તેનો અર્થ તો એ થયો કે કોઈ તમને ચાહશે નહિ, કારણ કે જો કોઈ તમને ચાહે તો તરત તમે એ પ્રેમને પરાધીન બની જવાના.''

જવાબ સુંદર છે, કારણ કે પ્રેમ ઐક્ય પ્રત્યે દોરી જાય છે અને ઐક્ય એ સ્વતંત્રતાની સાચી અભિવ્યક્તિ છે. એટલે જે લોકો સ્વતંત્રતાના અધિકારને નામે, સ્વાધીનતા માટે હક્ક-દાવો કરે છે, તેઓ સાચી સ્વતંત્રતા પ્રત્યે પોતાની પીઠ ફેરવી દે છે. કારણ કે તેઓ પ્રેમનો ઇનકાર કરે છે.

બળજબરીને કારણે વિકૃતિ આવે છે.

બળજબરીથી પ્રેમ ન કરી શકાય. તેવો પ્રેમ પ્રેમ જ નથી રહેતો, બળજબરી વચ્ચે આવી પડે, તો તે એક જૂઠાણું બની જાય છે. આનંદ સત્ત્વની બધી ગતિઓ સ્વયંભૂ હોવી જોઈશે. તે સ્વયંભૂની આંતર સંવાદિતામાંથી, સમજમાંથી, સ્વેચ્છાપૂર્વકના આત્મસમર્પણમાંથી, ગહનતર

સત્ય પ્રત્યે પાછા વળવામાંથી, અસ્તિત્વની વાસ્તવિકતામાંથી પ્રગટે છે, કે જે વાસ્તવિકતા મૂળ ઉદ્‌ગમસ્થાન અને લક્ષ્ય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : ૫૧-૫૨)

*

ગમા-અણગમાથી પર થવું

સ્પષ્ટ છે કે કેટલીક પ્રકૃતિઓ મૂળભૂત રીતે ખરાબ હોય છે; તે સત્ત્વો દુષ્ટ જ જન્મેલાં હોય છે; ને તેમને બીજાને હાનિ પહોંચાડવી એ ગમતું હોય છે. જો માણસ તદ્દન સ્વાભાવિક હોય, વિકૃત ન હોય, પશુઓ પેઠે સ્વાભાવિક હોય - પશુઓ આ દૃષ્ટિબિંદુથી તેમાં, માણસ કરતાં વધારે સારાં હોય છે, વિકૃતિની શરૂઆત તો માનવજાતિથી થતી હોય છે. તો તેવાં સત્ત્વોથી તે માણસ દૂર રહે છે - જેમ પાયાભૂત રીતે નુકશાનકારક વસ્તુથી માણસ દૂર ભાગતો હોય છે તેમ; પણ સદ્‌ભાગ્યે આવા કિસ્સાઓ બહુ નથી હોતા. મોટે ભાગે જીવનમાં આપણને મળતા લોકો મિશ્ર સ્વભાવવાળા હોય છે, જેમનામાં સારા નરસા વચ્ચે એક પ્રકારની સમતુલા હોય છે અને સારા તથા નરસા બંને પ્રકારના સંબંધોની આશા રાખી શકાય. ખરાબ લોકો પ્રત્યે ખૂબ અણગમો રાખવાનું કોઈ કારણ નથી, કારણ કે દરેક જણ પોતે પણ સારા નરસાનું મિશ્રણ હોય છે. (હસાહસ), અને સરખી વસ્તુ પોતાના જેવી વસ્તુને મળે છે !

કેટલાક લોકો પ્રાણ ચૂસી લેનારાં સત્ત્વો જેવા હોય છે. જ્યારે તેઓ બીજા કોઈની પાસે આવે છે ત્યારે તેઓ તે માણસની પ્રાણશક્તિને ચૂસી લેતા હોય છે. માણસે ગંભીર જોખમની પેઠે, તેમનાથી સાવધ રહેવાની જરૂર છે. તેવાં સત્ત્વો નથી એમ નથી, પણ તેઓ વિરલ હોય છે. તે સંપૂર્ણ રીતે પ્રાણશોષક સત્ત્વ નથી. એટલે જ્યારે એવો માણસ મળે ત્યારે તેનાથી દૂર ભાગી જવાની જરૂર નથી.

એટલે તાત્ત્વિક રીતે, માણસ જો આધ્યાત્મિક રીતે વિકાસ સાધવા માગતો હોય, તો પ્રથમ તો તેણે પોતાના ગમા, અણગમાઓ ઉપર વિજય મેળવવો જોઈએ. તેમની બધાની સામે સ્મિતપૂર્વક જુઓ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : ૧૭૩-૭૪)

*

નિર્ણાયક મુક્તિ

જો તમારે આ માર્ગમાં આગળ વધવું હોય, તો તમારે ખૂબ નમ્રતાપૂર્વક પ્રથમ આ નવીન જન્મ પ્રાપ્ત કરવાની શરૂઆત કરવી જોઈએ અને અતિમાનસ અનુભૂતિઓ પ્રાપ્ત કરવાની ભ્રમણા સેવતાં પહેલાં નવીન જન્મને સિદ્ધ કરવો જોઈએ.

તમને આશ્વાસન આપવા માટે હું તમને કહીશ કે તમે વર્તમાન સમયમાં આ પૃથ્વી પર જન્મ્યા છો તે કારણે તમે તેથી સચેતન હો કે ન હો, તમારે તે વસ્તુ જોઈતી હોય કે ન જોઈતી હોય, તમે જે હવા શ્વાસમાં લો છો તેની સાથે સાથે આ પૃથ્વીના વાતાવરણમાં પ્રસરી રહેલા અતિમાનસ તત્ત્વને અંદર લેતા જ હો છો. તે તમારામાં વસ્તુઓ તૈયાર કરે છે, જે, તમે નિર્ણાયક પગલું લેશો કે તરત જ, ઓચિંતી તમારામાં પ્રગટ થશે.

(મૌન)

આ તમને નિર્ણાયક પગલું લેવામાં મદદરૂપ થશે કે નહિ, તે બીજો સવાલ છે, કારણ કે જે અનુભૂતિઓ અત્યારે બની રહી છે અને વારંવાર બનતી રહેશે, તે મૌલિક રીતે એક નવા પ્રકારની છે અને તેથી શું બનવાનું છે તે આપણે પહેલેથી જાણી શકતા હોતા નથી. આપણે ખૂબ અધ્યયન કરવું જોઈએ. તેમ કર્યા પછી જ આપણે ખાતરીપૂર્વક કહી શકીશું, આ અતિમાનસ તત્ત્વ તે નવીન જન્મના કાર્યને વધારે સહેલું બનાવશે કે નહિ. આ વાત હું તમને થોડીક વાર પછી કરીશ. અત્યારે તો, આ વસ્તુઓ પર બહુ આધાર ન રાખવો તે વધારે સારું છે. તમારે તો સીધાસટ આધ્યાત્મિક જીવનમાં જન્મવાનો પ્રારંભ કરી દેવો જોઈએ.

જ્યારે તમે આ વસ્તુને પ્રાપ્ત કરશો ત્યારે તમારા બધા પ્રશ્નોનો નિકાલ આવી જશે.

ગમે તેમ, પણ જીવન પ્રત્યે તમારું વલણ એટલું બધું બદલાઈ ગયું હશે કે આધ્યાત્મિક રીતે જીવવું એટલે શું તે તમે સમજી જશો. તે ક્ષણે તમે એક બીજી મહાન વસ્તુ પણ સમજી જશો કે અહંતા વગર કેવી રીતે જીવવું.

ત્યાં સુધી તમે તેને નહિ સમજી શકો. સમગ્ર જીવન અહંતા પર એટલું બધું પરતંત્ર છે કે, અહંતા વગર જીવવું કે કાર્ય કરવું તે તદ્દન અશક્ય લાગે છે. પણ આ નવીન જન્મ પછી, તમે અહંતા તરફ સ્મિતપૂર્વક નજર નાંખીને તેને કહી શકશો કે હે મારા મિત્ર, હવે મને તારી કોઈ જરૂર રહી નથી.

આ એક એવું પરિણામ છે, કે જે તમને ખૂબ નિશ્ચયાત્મક મુક્તિની લાગણી આપશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : ૩૦૯-૧૦)

*

નિરુત્સાહિતા પ્રતિનું દ્વાર ઉઘાડશો નહિ

તમારી પાસે બળવાન સંકલ્પ હોવો એ જરૂરી નથી — તમારે માત્ર મારા સંકલ્પનો જ ઉપયોગ કરવાનો છે.

સાવધાન, મારા બાળક, નિરુત્સાહિતા, નાહિંમત, અને બળવા પ્રતિનું દ્વાર ઉઘાડીશ નહિ. — એ તને દૂર, ચેતનાથી ખૂબ દૂર દોરી જશે અને અસ્પષ્ટતાનાં ઊંડાણોમાં ડુબાડી દેશે. એ ઊંડાણોમાં સુખ-શાંતિ પછી પ્રવેશી શકતાં નથી. તારું મોટામાં મોટું બળ હતું તારું સ્મિત. કારણ જીવન પ્રત્યે સ્મિત કઈ રીતે કરવું તે તું જાણતો હતો. કાર્ય કઈ રીતે હિંમતપૂર્વક અને એકધારું કરતા રહેવું એ પણ તને આવડતું હતું. અને આ બધામાં તું અપવાદરૂપ હતો. પરંતુ તેં બીજા લોકોના ઉદાહરણને અનુસરવા માંડ્યું. એ લોકો પાસેથી અસંતુષ્ટ, બળવાખોર, નિરાશ થવાનું તેં શીખી લીધું અને હવે તો તારા સ્મિતને પણ તેં સરી જવા દીધું છે અને એની સાથે મારી અંદરની તારી શ્રદ્ધા અને વિશ્વાસ પણ તેં ગુમાવી દીધાં છે. આ અવસ્થામાં સર્વે દિવ્ય શક્તિઓ તારી ઉપર એકાગ્રતા કરે તો પણ એ વ્યર્થ ઠરે — તું એ શક્તિઓને ગ્રહણ કરવાનો ઇનકાર કરી દે.

આનો માત્ર એક જ ઉપાય છે, અને એ ઉપાય કરવામાં તારે બિલકુલ સમય બગાડવો ન

જોઈએ. તારું સ્મિત પુનઃ પ્રાપ્ત કરી લે, તારી શ્રદ્ધા પાછી મેળવી લે, તું જે હતો તે આત્મવિશ્વાસસભર બાળક બની જા. તારી ખામીઓ અને મુશ્કેલીઓની વધુ પડતી ફિકર કરવાનું છોડી દે — તારું સ્મિત સર્વે મુશ્કેલીઓને ભગાડી દેશે. (CWM 16:67-68)

*

પ્રાણશક્તિનું પરિવર્તન

અગ્નિની અસરને લઈને તમારા પ્રાણના પરિવર્તનની એક બીજી નોંધપાત્ર નિશાની એ છે કે તમે સ્મિતપૂર્વક મુશ્કેલીઓનો અને અંતરાયોનો સામનો કરી શકો છો. કારણ કે, તે સમયે તમે ખાસ ઉપયોગી નથી એમ માનીને રાખ લગાવીને, બિલકુલ હારી જઈને તમારી ભૂલોનાં રોદણાં રડતાં નથી. પ્રસન્નતાપૂર્વક તમે અવસાદને હાંકી કાઢો છો. સેંકડો ભૂલો તમને સતાવતી નથી, સ્મિત સાથે તમે એ વાતનો સ્વીકાર કરો છો કે તમે ભૂલ કરી છે. તમને એ સમજાઈ જાય છે અને એ જ રીતે ભવિષ્યમાં મૂર્ખામી નહિ કરવાની પ્રતિજ્ઞા કરો છો. પેલી વિરોધી શક્તિઓને લઈને તમારામાં અવસાદ અને શોક ઉદ્‌ભવે છે, તમારા પર ખિન્ન ભાવદશાની છાયા પાથરતાં તેઓ અત્યંત ખુશ થાય છે. અલબત્ત, વિનમ્રતા એક વસ્તુ છે, વિષાદ બીજી વસ્તુ છે. પ્રથમ, એક દિવ્ય આંદોલન છે, બીજી તામસિક શક્તિઓની એક ઘણી કઢંગી અભિવ્યક્તિ છે. એટલા માટે, મુશ્કેલીઓનો આનંદપૂર્વક સામનો કરો, રૂપાંતરને માર્ગે નડતી અટકાયતોનો એકધારી પ્રસન્નતાથી વિરોધ કરો. શત્રુને ભગાડવાનું ઉત્તમ સાધન તેને જોઈને હસવું એ છે ! દિવસો સુધી તમે તેની સામે ઝઘડો, તેને લપેટમાં લો અને તેમ છતાંય તેનો જુસ્સો લગીરે ઓછો ન જણાય; પણ એક વાર તેની સામે હસો અને જુઓ કે તે કેવો પલાયન કરી જાય છે ! આત્મશ્રદ્ધાયુક્ત એક હાસ્ય અને ભગવાનમાં શ્રદ્ધા મુશ્કેલીઓને અત્યંત છિન્નભિન્ન કરનારું આવશ્યક બળ છે; શત્રુની આગળની હરોળમાં તે ભંગાણ પાડે છે, સૈન્યમાં હાહાકાર મચાવે છે અને તમને વિજયીની અદાથી આગળ ધપાવે છે.

પરિવર્તન પામેલો પ્રાણ ઉપલબ્ધિની પ્રક્રિયામાં આનંદ પણ અનુભવે છે. એ પ્રક્રિયામાં સૂચિત સઘળી મુશ્કેલીઓને તે મજાથી સ્વીકારે છે. સત્યની ઝાંખી કરવામાં તેમ જ જૂઠાણાની રમત તેની નિમ્ન પ્રકૃતિમાં ખુલ્લી પડી જતાં તેને જે સુખ મળે છે એવું કદાપિ મળ્યું હોતું નથી, તે યોગનો ભાર વહન કરતો હોતો નથી, પણ જાણે કે તે એક ખૂબ ખુશપૂર્વકનો વ્યવસાય હોય તેમ તેને મ્હાણે છે. રૂપાંતરની ક્રિયાની જો એક પરિસ્થિતિ હોય તો હિંમતપૂર્વક વધુમાં વધુ સહન કરવા તે તત્પર હોય છે. નહિ ફરિયાદ, નહિ બડબડાટ, — દિવ્યને ખાતર સહેવાનું છે એમ માનીને તે સુખ અનુભવે છે. તેનામાં દૃઢ પ્રતીતિ હોય છે કે વિજય થવાનો છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૧૫૨-૫૩)

*

યોગીનું સાચું વલણ

જ્યારે ભગવાન પ્રત્યે વળો ત્યારે તમારા મનના ઘડેલા સઘળા વિચારોનો તમારે સંપૂર્ણ ત્યાગ કરવો જોઈએ. પરંતુ તેમ કરવાને બદલે ઊલટા તમે તમારા માનસિક વિચારોનો ભગવાન ઉપર અધ્યારોપ કરો છો. માટીના નરમ લોચા જેવા આકારગ્રાહી થવું અને ભગવાનની ગમે તે આજ્ઞાને આધીન બની વર્તવા તૈયાર રહેવું એ યોગીને માટે સાચું વલણ છે. પોતાને કશા વિના ન જ ચાલે એવું યોગીને હોય જ નહિ. તેને પોતાને કશું બોજારૂપ લાગે એમ પણ ન હોવું જોઈએ. જે લોકો આધ્યાત્મિક જીવન ગાળવાનો નિશ્ચય કરે છે તેમનો પ્રથમ આવેશ પોતાની પાસે જે કાંઈ હોય તેનો ત્યાગ કરી દેવાનો હોય છે. પરંતુ એ આવેશનું એ કારણ હોય કે તેઓ બોજાઓમાંથી છૂટવા માગતા હોય છે. તેઓ ભગવાનને પોતાનું સર્વસ્વ સમર્પણ કરવા માગે છે એમ નથી હોતું. જે લોકો પાસે ધન હોય છે, એશઆરામ, દબદબો અને ભોગવૃત્તિને સંતોષે એવા પદાર્થો જેમની આજુબાજુ હોય છે તેઓ પ્રભુ પ્રત્યે વળે છે કે તુરત જ તેમને એ બધી વસ્તુઓથી દૂર નાસી જવાની વૃત્તિ થાય છે. એ લોકો કહે છે તે પ્રમાણે એમની ભાષામાં, 'એ બધી વસ્તુઓની ગુલામીમાંથી મુક્ત થવાની' વૃત્તિ તેમને પ્રથમ થાય છે. પરંતુ એ વૃત્તિ ખોટી છે. તમારી પાસે જે કાંઈ છે તે તમારું પોતાનું છે એમ તમારે ધારવું જ ન જોઈએ. સઘળી વસ્તુઓ ભગવાનની છે. તમારે અમુક વસ્તુઓ ભોગ કરવો જોઈએ એવી ભગવાનની ઇચ્છા હોય તો તેને ભોગવો; પણ બીજી જ ક્ષણે, હસતાં હસતાં તેનો ત્યાગ કરવાને પણ તૈયાર રહેજો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૫૯)

*

આપણે માત્ર સ્મિત કરી શકીએ, એ જ છે શ્રેષ્ઠ ઉપાય – હાસ્ય કરો, સ્મિત કરો. આપણે હાસ્ય કરતાં શીખવું જ જોઈએ, વધુને વધુ.

(The Mother : Conversations with a disciple, May 11, 1964)

*



શ્રી અરવિન્દ આપણને જણાવે છે કે સર્વ સંજોગોમાં પ્રેમ પ્રસારવો એ ઈશ્વરની નિશાની છે. ઈશ્વરને પોતાના ઉપર પ્રહાર કરનાર તેમ જ પોતાની પૂજા કરનાર બંને પ્રતિ સમાન પ્રેમ હોય છે. માનવજાતિ માટે આ કેવો તો બોધ છે !

(CWM 10 : 295-96) **શ્રી માતાજી**

શાશ્વતનું હાસ્ય

...અમુક સમયે વસ્તુઓ બંધિયાર થઈ જતી હોય છે, એ વસ્તુઓ એટલી તો સંપૂર્ણ અસ્પષ્ટ અને બેવકૂફીભરેલી લાગતી હોય છે. અને પછી, તમે સરળતાપૂર્વક આ પ્રમાણે આગળ વધો (અર્પણની ક્રિયા) સરળ રીતે, સાચી રીતે — એમ કરી, એનો વિચાર ન કરો – એ પછી તુર્ત જ જાણે કે મહામુદાની વર્ષા થતી હોય છે... એક નાનકડું બિન્દુ, કંઈક એકદમ નાનકડું, જે હઠીલી રીતે મૂર્ખ અને દુરાગ્રહી હોય છે, જો તમે માત્ર આ (અર્પણ) કરો (તમે જો ઇચ્છો તો તમે જ કરી શકો) 'લઈ લો, લઈ લો !' તમે એને પ્રભુને આપી દો, સહજ, આ પ્રમાણે સાચે જ શ્રી અરવિન્દને સોંપી દો : 'એ તમે છો, એ તમારું કંઈક છે, લઈ લો, તમારે એની સાથે જે કરવું હોય તે કરો' અને તુર્ત જ, ક્ષણ માત્રમાં આ અચકાટ, આ વેદનાસભર લાગણીને સ્થાને — 'આ બધી વસ્તુઓ સાથે હું વિશ્વમાં શું કરી શકું ?' — વર્ષા, એ વર્ષા માફક વરસે છે. સાચે જ **આનંદ.** અલબત્ત, મુશ્કેલીઓને પુનઃ આમંત્રણ આપવા પૂરતા તમે જો મૂર્ખ હો તો એ મુશ્કેલી પાછી ફરે છે. જતી રહે છે — ખલાસ. ઇલાજ થઈ જાય છે. પરંતુ આવા બિન્દુઓ હજારો, હજારોની સંખ્યામાં હોય છે...

આ પણ એકદમ આનંદદાયક હોય છે.

આ 'કંઈક'ની લાગણી... હંમેશાં ટકી રહેતી લાગણી. એ આનંદદાયક હોય છે. શાન્ત... જાણે કે શાશ્વતીમાં તરતા રહેવું. તમે એક એવા બિન્દુએ પહોંચો છો, જ્યાં કોઈ ચિંતા રહેતી નથી, તમારે માટે નહિ, જગત માટે નહિ, કોઈ પણ વસ્તુ માટે ચિંતાનું કારણ રહેતું જ નથી. તમે એ અવસ્થાએ પહોંચો ત્યારે તમે હંમેશાં હાસ્ય કરતા હો છો. તમે હંમેશાં સુખી હો છો. અને જ્યારે કશું બને, તો એનો કોઈ વાંધો નહિ, તમે એના પ્રતિ સ્મિતપૂર્વક નિહાળો છો, હંમેશને માટે હાસ્ય.

(The Mother : Conversations with a disciple July 23, 1960)

*

કરૂણાપૂર્ણ સમજશક્તિનું હાસ્ય

એવી એક સ્ત્રીનો દાખલો લો જેને ઘણા મિત્રો છે અને એ બધા મિત્રો એ સ્ત્રીની વિશિષ્ટ ક્ષમતાઓ, એના સુખદાયી સંગને લઈને તેમ જ એ લોકોને એમ લાગતું હતું કે તેઓ એની પાસેથી હંમેશાં કંઈક શીખી શકે છે એટલે એ સ્ત્રીને ચાહતા હતા. પછી એકાએક સંજોગોવશાત એ સ્ત્રી સામાજિક બહિષ્કારનો અનુભવ કરે છે — કારણ એ સ્ત્રી અન્ય કોઈ પુરુષ સાથે ગઈ હશે, અથવા એનું લગ્ન અન્ય કોઈ સાથે થયું હોય — આ બધી સામાજિક રૂઢિઓનું કોઈ મૂલ્ય હોતું જ નથી. અને એ સ્ત્રીના સર્વે મિત્રો (અલબત્ત, જે લોકો એને સાચો પ્રેમ કરતા હતા તેમની વાત હું કરતી નથી.) એના બધા જ સામાજિક મિત્રો, જે એને અગાઉ આવકારતા હતા, એ શેરીમાંથી પસાર થાય ત્યારે જે લોકો એને પ્રેમાળ સ્મિત આપતા હતા, એકાએક એ બધા અન્ય દિશામાં મુખ ફેરવી લઈ, એના પ્રતિ દૃષ્ટિ કર્યા વગર જ આગળ વધી જતા હતા. આ વસ્તુ અહીં, આશ્રમમાં જ બની

છે ! હું એની વિગતો નહિ આપું. અને આવું અનેક વખત ભૂતકાળમાં બન્યું છે, સ્વીકૃત સામાજિક નિયમ સાથે કોઈ સંઘર્ષ ઉદ્ભવે ત્યારે જે લોકોએ ખૂબ જ પ્રેમ દર્શાવ્યો હોય, ખૂબ દયા દાખવી હોય... ઓહ ! એવા લોકો પણ કયારેક કહેતા હોય છે *'She's a lost woman !'* એ સ્ત્રી ખોટે રસ્તે ગઈ છે.

મારે એ કહેવું જ જોઈએ કે આ વસ્તુ અહીં (આશ્રમમાં) બને છે ત્યારે... બહારના જગતમાં એમ થવું એકદમ સાધારણ છે; પરંતુ અહીં જ્યારે આવું થાય ત્યારે એ મને હંમેશાં આઘાત આપનારું હોય છે. અને હું મારી જાતને જણાવું છું. 'એટલે, એ બધા હજુ એ જ કક્ષાએ છે...'

જે લોકો પોતે વિશાળ મન ધરાવે છે એવો દાવો કરનારા લોકો પણ. 'રૂઢિઓ'થી પોતે પર છે એવું માનનારા લોકો પણ તુર્ત જ સીધા એ ફંદામાં ફસાઈ જતા હોય છે. અને પોતાના અંતરાત્માને સાંત્વાના આપવા તેઓ કહેતા હોય છે : 'માતાજી, આ ચલાવી શકે જ નહિ, માતાજી આ વાતની પરવાનગી આપી શકે જ નહિ. માતાજી આવી વસ્તુ સહન કરે જ નહિ.' — બાકીની બધી વસ્તુઓમાં વધુ શૂન્યતા, ઠાલાપણું ઉમેરવા તેઓ આમ કહેતા હોય છે.

આ અવસ્થામાંથી બહાર નીકળવું એ ખૂબ જ મુશ્કેલ છે. એ ખરેખર દંભી અવસ્થા છે — સામાજિક મોભાની આ લાગણી, આ સંકુચિત માનસિકતા — કારણ કે એવી કોઈ પણ વ્યક્તિ જેની અંદર બુદ્ધિનો એક અણુ પણ હોય તે આ પ્રકારના પોલાણમાં પડી જઈ શકે ? જે લોકોએ વિશ્વની મુસાફરી કરી છે, અને ક્ષણ માત્રમાં એમણે જાતે એ અનુભવ્યું હોય છે કે સામાજિક રૂઢિઓ પૂરેપૂરી રીતે ત્યાંની આબોહવાની પરિસ્થિતિઓ ઉપર, ત્યાંના રિવાજો ઉપર અને સવિશેષ કાળ આધારિત હોય છે, યુગ ઉપર આધારિત હોય છે. અને એ લોકો એ બધી વસ્તુઓને સ્મિતપૂર્વક નિહાળતા હોય છે. પરંતુ સદ્ગુણોનું અભિમાન રાખનારાઓ .... ઊહ !

આ છે પ્રાથમિક અવસ્થા. જ્યાં સુધી તમે આ પરિસ્થિતિથી પર ગયા નથી ત્યાં સુધી તમે યોગ માટે અયોગ્ય છો. કારણ સાચે જ, આ પ્રકારની અવિકસિત અવસ્થામાંની કોઈ પણ વ્યક્તિ યોગ માટે તૈયાર છે એમ ગણી શકાય નહિ.

(The Mother : Conversations with a disciple, January 12, 1961)

*

સ્થિરતાનું સ્મિત

હું જ્યારે જોવાનો આરંભ કરું છું, – તમે જાણો છો (શ્રી માતાજી પોતાની આંખો બંધ કરે છે), ત્યારે બે વસ્તુઓ એકસાથે હોય છે. પેલું સ્મિત, પેલો આનંદ, પેલું અટ્ટહાસ્ય અને પછી... પેલી શાન્તિ ! ઓહ, ખરેખર એવી શાન્તિ... એવી તો સંપૂર્ણ, તેજસ્વી શાન્તિ... અને પૂરેપૂરી. કોઈ સંઘર્ષ નહિ, કોઈ વિરોધાભાસો નહિ, એકાકી તેજસ્વી સંવાદિતા... અને છતાં સર્વ કંઈ ત્યાં હોય છે, આપણે જેને સ્ખલન, દુઃખ, પીડા કહીએ છીએ, એ બધું જ ત્યાં હોય છે.

(લાંબુ મૌન)

એમાં કહેવા જેવું કંઈ નથી — તમે જો ખરેખર એમાંથી બહાર નીકળી આવવા માગતા હો તો

સાચે જ, એટલું મુશ્કેલ નથી, એમાં કરવાનું કશું જ નથી. પ્રભુ ઉપર સર્વ કંઈ છોડી દો. અને પછી પ્રભુ બધું જ કરે છે, પ્રભુ છે... એ એટલું તો અદ્‌ભુત છે ! એટલું બધું અદ્‌ભુત !

પ્રભુ કોઈ પણ વસ્તુને લે છે, આપણે જેને એકદમ સામાન્ય બુદ્ધિ કહીએ છીએ તે અને પછી પ્રભુ તમને એ બુદ્ધિને બાજુ પર કેવી રીતે મૂકી દેવી એ સરળતાપૂર્વક દર્શાવે છે, એને શાન્ત કરી દો. ''હવે તું ત્યાં રહે, સ્થિર બની રહે, ખળભળાટ કરીશ નહિ, મને હેરાન કરીશ નહિ, મારે તારી જરૂર નથી.'' અને પછી દ્વાર ખૂલે છે — તમારે એ દ્વાર ખોલવાનું છે એવો ભાવ પણ તમારી અંદર જાગતો નથી. એ દ્વાર વિશાળ ખૂલેલું જ હોય છે અને એ દ્વારમાંથી તમને બીજી બાજુએ લઈ જવામાં આવે છે. આ બધું અન્ય કોઈ કરી આપે છે, તમે નથી કરતા હોતા. અને પછી... અન્ય રીત અશક્ય બની જાય છે...

તમે કહેવાતા પ્રશ્નનો સામનો કરો છો : 'હું શું કરીશ ? મારે શું કરવું ? મારે કઈ રીતે કાર્ય કરવું ?... એમાં કશું જ કરવાનું નહિ, કશું જ નહિ. માત્ર પ્રભુને કહેવાનું : 'પ્રભુ, જુઓ, પરિસ્થિતિ આ મુજબ છે.' બસ, પતી ગયું ! અને પછી એકદમ સ્થિર બની રહો. અને પછી સહજ, એના વિશે વિચાર કર્યા વગર, એનું ચિંતન કર્યા વગર, ગણતરી માંડયા વિના, કશું જ કર્યા વગર, કશું પણ કર્યા વગર, નાનામાં નાનો પ્રયત્ન કર્યા વગર... જે કરવાનું હોય તે જ તમે કરો છો.. અને એ પ્રભુ જ કરતા હોય છે, તમે હવે ત્યાં હોતા નથી, તમે ત્યાં નથી હોતા. પ્રભુ કરે છે, પ્રભુ જ સંજોગો ગોઠવે છે, તેઓ જ લોકોને મોકલે છે, પ્રભુ જ તમારા મુખમાં શબ્દો મૂકે છે, તમારી લેખિની દ્વારા પ્રભુ જ લખે છે — પ્રભુ સર્વ કંઈ કરે છે. પછી તમારે કશું જ કરવાનું રહેતું નથી, કંઈ જ નહિ. તમારે તમારી જાતને એ મહામુદામાં, એ મહાનંદમાં રાચતી રહેવા દેવાની.

(The Mother : Conversations with a disciple, October 12, 1962)

*

પ્રજ્ઞા અને પ્રેમનું હાસ્ય

આ રમૂજ પમાડે એવું છે : માણસે જે સર્વે મનોમય રચનાઓને અમલમાં મૂકવાનો, પૃથ્વી પર એને સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે, તે સર્વે મારી પાસે આવે છે. આ મુજબ, પ્રત્યેક દિશામાંથી એ આવે છે સુવ્યવસ્થિત થવા માટે, સ્પષ્ટતા પામવા માટે, પોતાના સ્થાનમાં ગોઠવાઈ જવા માટે, સુઘટિત થવા અને સમન્વિત થવા માટે. એટલે પછી પેલા બધા જ માની લીધેલા 'મહાન' પ્રશ્નો મારી પાસે આવે છે. અને તુર્ત જ પછી એ દયાળુ સ્મિત પણ હોય છે, બાળક તોતડું બોલે ત્યારે જે દયાળુ સ્મિત આપણે કરતાં હોઈએ છીએ એના જેવું. પરંતુ એમાં ચઢિયાતાપણાની કોઈ જ લાગણી હતી નહિ. એવું કંઈ જ ન હતું. માત્ર એવી એક લાગણી હતી કે એવું કરણ ઉપયોગમાં લેવાયું છે જેનાથી પ્રશ્નનું નિરાકરણ આવી શકતું નથી. અને એક પ્રકારની નિશ્ચિતતા કે પ્રશ્નનો ઉકેલ, એનું નિરાકરણ પદાર્થતત્ત્વમાં છેક ઊંડે, નીચે જ રહેલું છે — આ ખૂબ જ બળવાન, અતિશય બળવાન લાગણી હતી.... ઊંડે ઊતરો, પૂરતા અંતરમાં, ભીતરમાં પ્રવેશો, પૂરતા શાન્ત બની રહો અને પછી એ પ્રશ્નનું નિરાકરણ આવી જશે. તમે એને સમજી શકો નહિ. એ તો માત્ર એમ થવું જ ઘટે.

તમે એને સમજી શકો નહિ, કારણ તમે જે કરણોનો ઉપયોગ કરો છો તે કરણો જ સમજી શકે એમ નથી અને એને સમજી શકાય પણ નહિ. એ તો થવું જ ઘટે.

તમે જ્યારે 'તે' હો છો પછી જ તમે 'તે' બની રહેશો, પછી કોઈ પ્રશ્ન રહેશે જ નહિ...

પરંતુ સર્વ મહાન પંથો, મહાન વિચારો, મહાન સાક્ષાત્કારો, મહાન... અને પછી ધર્મો — આ બધું જ નીચે ઉતારે છે, એ સર્વે, ઓહ ! શું બાલિશતા છે !

અને પેલી પ્રજ્ઞા ! ... એ લગભગ છિદ્રોવાળી પ્રજ્ઞા છે (એ વિષમ છે) અધિમનસ અને એનાથી ઉચ્ચતર પ્રદેશોના પેલા સર્વે મહાન સ્વરૂપો સાથેના મારા સંબંધો પ્રતિ હું નિહાળી રહી હતી... હું હાલ જે અસ્તિત્વ ધરાવું છું, એ છે ભૂતળ ઉપર, આ કક્ષાએ, અને સત્ય એ છે કે આ બધાં સત્ત્વોની દરમિયાનગીરીની એ બિલકુલ પરવા કરતું નથી... અને એ સત્ત્વો છેવટે તો કશું જાણતાં હોતાં પણ નથી ! સાચો પ્રશ્ન શું છે તે પણ તેઓ જાણતાં હોતાં નથી. એ સત્ત્વો એવા પ્રદેશોમાં રહેતાં હોય છે જ્યાં પ્રશ્નો હોતા જ નથી. એમને સાચો પ્રશ્ન શું છે એની જાણ હોતી નથી — સાચો પ્રશ્ન અહીં જ છે...

(The Mother : Conversations with a disciple, October 30, 1964)

Eternal Smile

A gift that only the Divine can give.
Spiritual significance and explanation given by the Mother

આપણી જરૂરો પૂરી પાડવામાં તે આપણી માતા જેવી છે, મુશ્કેલીઓમાં તે મિત્ર છે, પ્રશાંત અને સુદૃઢ મંત્રી અને સલાહકાર છે, શોક, ઉદ્વેગ અને નિરુત્સાહનાં વાદળોને તે પોતાના ઉજ્જ્વલ સ્મિતથી વિખેરી નાંખે છે, આ બધાં કાર્યો દ્વારા તે પોતાની સદા પ્રત્યક્ષ, સુલભ સહાયનું આપણને હંમેશાં સ્મરણ કરાવે છે, તથા આપણી દૃષ્ટિને પ્રભુના શાશ્વત સૂર્યપ્રકાશ પ્રત્યે દોરે છે, — આપણને જે ગૂઢ અને સતત જાગ્રત અભીપ્સા પ્રભુની દિવ્ય પ્રકૃતિની સમગ્રતા પ્રાપ્ત કરવાને દોરે છે તેના કાર્યમાં આ દેવી શાંત અને સુદૃઢ ભાવે તથા ખંતપૂર્વક પોતાની પ્રેરણા આપ્યે જાય છે.

CWSA 33 : 313-14 — શ્રી અરવિન્દ

પ્રભુનું હાસ્ય

શામક નિદ્રા અને મધુર હાસ્ય એ સૂર્યકિરણ સમાન હોય છે, જે સર્વ અવરોધોને ઓગાળી દે છે. સૂર્ય જેમ માખણને પીગાળી દે છે તેમ મધુર સ્મિત પ્રત્યેક બદઇરાદાને પીગાળી દે છે.

(Mother you said so : 24.12.57)

*

તમે તેના કટાક્ષને સ્મિત સહિત, શાન્ત મન અને શાંતિસભર હૃદય સહિત સુણી શકો તો એ તમારે માટે ખૂબ જ મહાન પ્રગતિ કરાવનારું બની રહેશે. તમારે માટે એ તમારા ધ્યેય પરત્વેનું પ્રચંડ પગલું લેખાશે. (White Rose : 198)

*

તમારે હાસ્ય કરતા જ રહેવાનું છે. મુશ્કેલીઓ આવે ત્યારે વધુને વધુ હાસ્ય કરતા રહેવું. હાસ્યો એ સૂર્યનાં કિરણો સમાન હોય છે, એ વાદળોને વિખેરી નાખે છે.... અને તમારે જો મૂળગામી ઉપચાર કરવો હોય તો તે આ છે : frankness, નિખાલસપણું, પૂરેપૂરા, સંપૂર્ણતયા નિખાલસ બની રહો. તમારી અંદર જે કંઈ થઈ રહ્યું હોય, ચાલી રહ્યું હોય એ સર્વ મને સંપૂર્ણપણે જણાવી દો અને તુર્ત જ એનો ઇલાજ મળી આવશે, સંપૂર્ણ અને સુખી ઇલાજ. (CWM 16 : 101)

*

સર્વ સંજોગોમાં કઈ રીતે હાસ્ય કરતાં રહેવું એ શીખી લેવું તે દિવ્ય પ્રજ્ઞા પરત્વેનો ઝડપીમાં ઝડપી માર્ગ છે. (CWM 17 : 366)

*

સૂર્ય જે રીતે વાદળો ઉપર કાર્ય કરે છે તે જ રીતે હાસ્ય મુશ્કેલીઓ ઉપર કાર્ય કરતું હોય છે — એ મુશ્કેલીઓને વિખેરી નાખે છે.

*

જે કોઈ સર્વ સંજોગોમાં હસી જાણે છે તે આત્માની સમતાની અવસ્થાની ખૂબ નજીક છે એમ જાણવું.

*

સામાન્ય રીતે જોતાં માનવ એક એવું પ્રાણી છે જે પોતાના વિશે ગંભીરપણે અતિશય વિચારો કર્યા કરે છે. હરેક સંજોગોમાં માણસે પોતાની જાત ઉપર હસતા શીખી લેવું જોઈએ — પોતાનાં દુઃખો, શોક અને મોહ પરત્વે તેમ જ પોતાનામાં રહેલ ગુસ્સાની તેમ જ બંડની લાગણી પરત્વે હસી જાણવું એ પોતાની જાત ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરવા માટેનું અમોઘ શસ્ત્ર છે.

*

હરેક સંજોગોમાં તેમ જ હંમેશાં હસતા શીખી જાઓ, તમારા શોક અને આનંદ, તમારી

આશાઓ અને નિરાશાઓ, સર્વ પરત્વે હસતા રહો. કારણ કે હાસ્યમાં જ આત્મસંયમ પ્રાપ્ત કરવાની સર્વોપરી શક્તિ છુપાયેલી છે.

*

તમે જો જીવન પ્રતિ હંમેશાં હાસ્ય કરી શકો તો જીવન પણ હંમેશાં તમારા પ્રતિ હાસ્ય કરતું રહેશે.

*

જો કોઈ સદાકાળ હસતો રહી શકે તો તે સદાકાળ યુવાન રહી શકે.

*

શાશ્વત સ્મિત : એવી માયાળુતા જે માત્ર ઈશ્વર જ દર્શાવી શકે.

*

તમે સર્વ અપમાન અને હલ્લાથી પર હો તો જ તમે દુશ્મન પ્રતિ સાચું સ્મિત કરી શકો. યોગિક વલણ માટેની આ છે પ્રાથમિક અવસ્થા.

*

દુશ્મન પ્રતિ સ્મિત કરવું એ તેને નિઃશસ્ત્ર બનાવી દેવા સમાન છે.

(CWM 14 : 177-78)

ખુશમિજાજ પ્રયત્ન : ઈશ્વર પરત્વેના પ્રયત્નમાં વ્યક્તિ જે આનંદ મેળવે છે તે.

*

માનસિક ખુશમિજાજીપણુંઃ પ્રત્યેક વસ્તુમાં આનંદ કઈ રીતે પ્રાપ્ત કરવો તે એ જાણે છે.

*

ખુશમિજાજ મન અને શાન્તિસભર હૃદય રાખો. તમારા સમત્વને કોઈ પણ વસ્તુ ખલેલ ન પહોંચાડે એનું ધ્યાન રાખો અને ધ્યેય પ્રતિ એકધારી રીતે આગળ વધવા માટે જરૂરી પ્રગતિ પ્રત્યેક દિવસે કરી લો.

*

સુખી હૃદય : હાસ્ય કરતું, શાન્ત, એકદમ ખુલ્લું, છાયારહિત.

*

તમારે એ કદી ભૂલવું ન જોઈએ કે તમે જ્યારે નાટકી બનતા હો છો એને બદલે સ્વસ્થપણે ખુશ હો છો ત્યારે (પ્રભુને) ખૂબ મદદરૂપ થઈ પડો છો.

*

આનંદમાં રહે મારા બાળક, પ્રગતિ કરવા માટેનો એ નિશ્ચિત માર્ગ છે.

*

આનંદ એ ગ્લાનિ જેટલો જ ચેપી છે — અને આ ચેપ, સાચા તેમ જ ગહન આનંદનો ચેપ માણસોમાં ફેલાવતા રહેવું એનાથી વધુ ઉપયોગી અન્ય કોઈ જ વસ્તુ નથી.

*

કદાપિ રોદણાં રડશો નહિ. તમે જ્યારે ફરિયાદો કરતા રહો છો ત્યારે સર્વ પ્રકારની શક્તિઓ તમારી અંદર પ્રવેશે છે અને તમને નીચે ધકેલી દે છે. હસતા રહો. હું હંમેશાં વિનોદ કરતી હોઉં એમ લાગે છે, પરંતુ એ માત્ર વિનોદ જ નથી હોતો. એ તો ચૈત્ય પુરુષમાંથી પ્રકટતો વિશ્વાસ હોય છે. હાસ્ય એક એવી શ્રદ્ધા પ્રકટ કરે છે કે કોઈ પણ વસ્તુ ઈશ્વરના માર્ગમાં આડે આવી શકે નહિ અને અંતે તો સર્વ વસ્તુઓ ઠીક થઈ જ જવાની છે.

મુશ્કેલીઓ ઉપર વિજય પ્રાપ્ત કરવામાં નિઃસાસાને બદલે સ્મિતમાં વધુ શક્તિ રહેલી હોય છે.

ચૈત્ય પૂર્ણતા એટલે સર્વ વસ્તુઓ પ્રતિ સ્મિત કરતા રહેવું.

શુદ્ધ અને નિઃસ્વાર્થ પ્રેમ જેટલો આનંદ બીજી કોઈ વસ્તુ આપી શકે નહિ.

(CWM 14 : 221, 229, 538)

Cheerful Endeavour

The joy that one finds in the effort towards the Divine.

(Spiritual significance and explanation given by the Mother)

A Heart was felt in the spaces wide and bare,
A burning Love from white spiritual founts
Annulled the sorrow of the ignorant depths;
Suffering was lost in her immortal smile.

CWSA 33 : 313-14 Sri Aurobindo

વિશાળ અને ખુલ્લાં તથા ખાલી અવકાશોમાં અશ્વપતિને હવે એક હૃદયનો અનુભવ થાય છે. એ હૃદયમાંથી, એ શુભ્ર આધ્યાત્મિક સ્રોતમાંથી પ્રજ્વળિત પ્રેમ વહી રહ્યો છે. એ પ્રેમ અજ્ઞાન ઊંડાણોના શોકને લુપ્ત કરી દે છે. 'મા'ના અમર સ્મિતમાં દુઃખ અદૃશ્ય થઈ ગયું હતું.

વિશ્વના ખુશમિજાજી નાગરિકો

એક બપોરે હું એક એવા દેશના મોટા શહેરમાં હતી જ્યાં વરસાદ ખૂબ જ પડે છે. મેં બાળકોથી ભરાયેલી સાતથી આઠ ગાડીઓ તેવામાં જોઈ. તે જ દિવસે સવારે એ બાળકોને ખુલ્લા મેદાનમાં રમવા મળે એ માટે પર્યટને લઈ જવામાં આવ્યાં હતાં. પરંતુ ખરાબ હવામાનને કારણે તેઓને વરસતા વરસાદમાં ઘેર જલ્દીથી પાછા ફરવું પડ્યું હતું.

અને છતાં બાળકો આનંદ કરતાં હતાં, ગાતાં હતાં અને રસ્તે જનારાઓ તરફ હસતાં હસતાં હાથ હલાવી સલામી આપતાં હતાં.

બાળકોએ ખરાબ વાતાવરણમાં પણ પોતાની પ્રસન્નતા જાળવી રાખી હતી. એમાંનો કોઈ એક બાળક પણ ઉદાસ થઈ ગયો હોત તો બાકીનાઓના ગીતગુંજનથી એ પણ પ્રસન્ન થઈ જાત. અને રસ્તેથી ઉતાવળે પસાર થતા લોકોને પણ ઘડીભર એમ થઈ ગયું કે વાદળ ઊઘડી ગયું છે !

*

અમીર એ ખોરાસન દેશનો રાજકુમાર હતો. એ ખૂબ વૈભવમાં રહેતો હતો. એ જ્યારે યુદ્ધે ચડતો ત્યારે એના રસોડાનો સરસામાન લેવા માટે ત્રણસો ઊંટ વપરાતા.

એક વખત એ ખલીફ ઈસ્માઈલને હાથે કેદ થયો. આપત્તિના સમયે પણ માણસને ભૂખ તો લાગે જ છે. અને અમીરે પોતાના મુખ્ય રસોઈયાને પાસે ભાળી તુર્તજ રસોઈ તૈયાર કરવા જણાવ્યું.

રસોઈયા પાસે માંસનો ફક્ત એક ટુકડો બચ્યો હતો. તે એણે દેવતા સળગાવી એક વાસણમાં રાંધવા માટે મૂકી દીધો. પછી રસોઈયો રસોઈને થોડી સ્વાદિષ્ટ બનાવવા એમાં ઉમેરવા માટેની શાકભાજી લેવા નીકળ્યો.

તેવામાં ત્યાંથી પસાર થતા કૂતરાને માંસની વાસ આવી અને એણે વાસણમાં મોં નાંખ્યું. પરંતુ અગ્નિની ગરમી લાગતાં જ એણે એકદમ પોતાનું મોં પાછું ખેંચી લીધું. હવે એણે એ રીતે મોં પાછું ખેંચ્યું કે પેલું વાસણ એના માથા સાથે ચોંટી ગયું. અને એજ દશામાં તે ગભરાટનું માર્યું દોડવા લાગ્યું.

આ જોતાં જ અમીર ખડખડાટ હસી પડ્યો. અમીર ઉપર ચોકી રાખનાર અમલદારે એને પૂછ્યું 'તમે હસો છો કેમ ?' અત્યારે તો પરિસ્થિતિ એવી છે કે તમારે ઉદાસ થવું જોઈએ અને તમે તો હસો છો ! પરંતુ અમીર વેગથી દોડી રહેલ કૂતરાને બતાવતાં બોલ્યો 'હું એ વિચાર ઉપર હસી રહ્યો છું કે સવારમાં તો મારો રસોડાનો સામાન ઊંચકવા માટે ત્રણસો ઊંટોની જરૂર પડી હતી જ્યારે અત્યારે તો આ કૂતરું જ મારું આખું રસોડું ઊંચકવા માટે પૂરતું છે !'

આપણે અમીરના આ આનંદીપણાને બિરદાવવું જ રહ્યું. આટલી ગંભીર મુશ્કેલીના સમયે જો એ હસી શકતો હોય તો પછી એનાથી ઓછી મુશ્કેલીના સમયે હસી શકવાની ક્ષમતા શું આપણે ન કેળવી શકીએ ?

ઈરાનમાં એક સ્ત્રી મધ વેચવાનો ધંધો કરતી હતી. એ સ્ત્રી આનંદી સ્વભાવની હતી. ને તેથી જ એની દુકાને ગ્રાહકોની ભીડ જામેલી રહેતી. આ વાર્તા કહેનાર કવિ એમ ખાતરીપૂર્વક જણાવે છે કે જો તેણી ઝેર વેચતી હોત તો પણ લોકો એને મધ માની હોંશે હોંશે એની પાસેથી લઈ જાત.

એક ચિડિયા સ્વભાવના માણસે આ જોયું કે તેણી આ મધના ધંધામાં ખૂબ કમાણી કરી રહી હતી. અને એણે પોતે પણ એ જ ધંધો ચાલુ કરી દીધો.

એણે ધંધો ચાલુ તો કરી દીધો પરંતુ તેની દુકાનમાં મધના વાસણોની હાર પાછળ એનો ચેહરો દારુ જેવો દેખાતો હતો. એના સ્વભાવને લઈને એ સૌ કોઈ જોડે અતડાઈને રહેતો અને ચિડાઈ જતો હતો. અને ગ્રાહકો એને છોડીને જતા રહેતા. 'એના મધ ઉપર બેસવાની માખી પણ હિંમત કરી શકતી ન હતી' કવિ જણાવે છેઃ સાંજ થવા આવી પણ એ એક પૈસાનું પણ મધ વેચી શક્યો નહિ. એનું મુખ જોઈને રસ્તેથી પસાર થતી એક સ્ત્રીએ એના પતિને જણાવ્યું 'કડવો ચહેરો મધને પણ કડવું બનાવી દે છે.'

હવે પ્રશ્ન એમ થાય કે શું પેલી સ્ત્રી ગ્રાહકોને આકર્ષવા માટે જ હસતી હતી ? પણ આમ વિચારવા કરતાં આપણે એવી આશા રાખવી જોઈએ કે એ સ્ત્રી એના સારા સ્વભાવને લઈને જ પ્રસન્ન રહેતી હશે. આપણે આ જગતમાં માત્ર સોદાબાજી કરવા જ નથી આવ્યા. આપણે એકબીજાના સાથી બનીને રહેવાનું છે. એ સ્ત્રીના ગ્રાહકોને પણ લાગ્યું હતું કે તેણી માત્ર મધ વેચનારી ન હતી, તે તો આ જગતની પ્રસન્ન નાગરિક હતી.

બેશક, હંમેશ અટ્ટહાસ્ય કરતા રહેવું એ કંઈ જરૂરી નથી. પણ સાથે સાથે આનંદીપણું, સ્વસ્થતા, અને વિનોદવૃત્તિ એ ક્યારેય અનિચ્છનીય તો નથી જ. અને આ ગુણો કેટલા મદદરૂપ થઈ પડતાં હોય છે ! આ ગુણોને લઈને જ મા પોતાના બાળકો માટે ઘર આનંદથી ભરી દે છે. આ ગુણોને લઈને જ નર્સ રોગીને જલ્દી સાજો કરી દે છે, માલિક પોતાના નોકરોનો બોજ હળવો કરી નાંખે છે, કારીગર પોતાના સાથી કારીગરોમાં સદ્‌ભાવની લાગણી જન્માવે છે, મુસાફર પોતાના સહયાત્રીને એની કઠિન યાત્રામાં મદદરૂપ થઈ પડે છે, અને નાગરિક પોતાના દેશવાસીઓના હૃદયમાં આશાની જ્યોત જલતી રાખે છે.

શ્રી માતાજી

(Collected works of the Mother, Vol. 2, PP. 184-87)

*

'કડવો ચહેરો મધને પણ કડવું બનાવી દે છે.'

વૃત્ત વિશેષ

શ્રી અરવિન્દ સોસાયટી, પોરબંદર શાખાના સ્થાયી નિવાસસ્થાનનો પ્રથમ ઉત્સવ તા ૩ને ૪ એપ્રિલ ૨૦૧૭ના રોજ ઉજવવામાં આવ્યો હતો. પોરબંદરમાં શ્રી અરવિન્દ કેન્દ્રની સ્થાપના માટે શ્રી માતાજીએ સ્વહસ્તે આશીર્વાદ ૪ એપ્રિલ, ૧૯૬૭ના રોજ આપ્યા હતા ત્યારથી જ કેન્દ્રની પ્રવૃત્તિઓ પોરબંદરમાં ચાલી રહી છે. ૫૦ વર્ષે કેન્દ્રને પોતાનું સ્થાયી મકાન મળતાં પ્રસંગની ઉજવણીને અનુરૂપ બે દિવસીય આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં ડૉ. ભારતસિંહ ઝાલા, ડૉ. સી. એસ. તન્ના, ડૉ. શ્રી અશ્વિનભાઈ કાપડિયા, શ્રી શરદભાઈ જોશી તથા શ્રી જ્યોતિબહેને, વિધવિધ વિષયો, જેમ કે શ્રી માતાજી અને શ્રી અરવિન્દના પ્રકાશમાં યોગ, આરોગ્ય અને અધ્યાત્મ, સાવિત્રી, તથા આધ્યાત્મિક જીવન ઉપર મનનીય વક્તવ્યો રજૂ કર્યાં હતાં. આ ઉપરાંત પોરબંદરના સાહિત્યકાર પ્રૉ. શ્રી નરોતમભાઈ પલાણે પોરબંદરનો શ્રી અરવિન્દ સાથે ૧૯૩૭માં સંબંધ શરૂ થયો હતો તે વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી શ્રોતાઓને શ્રી અરવિન્દના સંપર્કમાં મૂકી આપ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે શ્રી જ્યોતિબેહેને કેન્દ્રની સ્થાપનાની ભૂમિકાની વિગતો રજૂ કરી સર્વે સાધકોનું સ્વાગત કર્યું હતું. શિબિરમાં સમગ્ર ગુજરાતમાંથી કુલ ૧૨૦ સાધકો તથા પોરબંદરના સુજ્ઞ નગરજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સમગ્ર શિબિરનું સંચાલન કાર્ય ડૉ. જીજ્ઞેશ પ્રશ્નાણીએ કર્યું હતું. સમાપન સમારોહમાં ગુજરાતનાં શ્રી અરવિન્દ કેન્દ્રોના પ્રતિનિધિઓએ અતિ સુંદર આયોજન અને ઉત્કૃષ્ટ વ્યવસ્થા અંગે સુંદર પ્રતિભાવો દ્વારા આયોજકોને બિરદાવ્યા હતા. આભાર વિધિ ડૉ. સુલભા દેવપુરકરે કરી હતી.

શિબિરાર્થીઓ શિબિર વિશે સુંદર પ્રતિભાવો સહજ રીતે વ્યક્ત કરતા જ રહે છે.

*

શ્રી અરવિન્દ સોસાયટીની પોરબંદર શાખાના ઉપક્રમે ૨૪ એપ્રિલ ૨૦૧૭ના રોજ દર્શનદિવસની ઉજવણીના ભાગરૂપ ધ્યાન, પ્રાર્થના અને વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૦થી ૧૦-૩૦ તથા સાંજે ૬થી ૬-૩૦ ધ્યાન તથા સાંજે ૬-૩૦થી ૭-૩૦ શ્રી જ્યોતિબહેન થાનકીએ ભારતમાં શ્રી માતાજીના કાયમી નિવાસ માટેના ૨૪ એપ્રિલ ૧૯૨૦ના રોજ થયેલ આગમન, એ વિષય પર વક્તવ્ય રજૂ કર્યું હતું. (અહેવાલ : શ્રી જ્યોતિ થાનકી)

*

તા. ૨૩-૪-૧૭થી ૨૮-૪-૧૭ દરમિયાન શ્રી અરવિન્દ નિવાસમાં ૬થી ૧૦ વર્ષની વયનાં બાળકો માટે ગ્રીષ્મ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં બાળકોની નૈસર્ગિક શક્તિઓ ખીલે અને વિકાસ પામે તેવું વાતાવરણ સર્જવામાં આવ્યું હતું. શિબિરની રોજિંદી પ્રવૃત્તિઓમાં પ્રાર્થના, હળવી કસરતો, બાળગીતો, બાળવાર્તાઓ, ડ્રોઇંગ, પેઈન્ટીંગ, પેપર કટિંગ, બેસ્ટ ફ્રોમ વેસ્ટ જેવી વૈવિધ્યસભર પ્રવૃત્તિઓ

દ્વારા બાળકોની પ્રતિભાને ખીલવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

અંતિમ દિવસના ખાસ કાર્યક્રમમાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં હાજર રહેલા વાલીઓએ પ્રસન્નતાપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરી હતી. શિબિરમાં ૪૫ બાળકોએ ભાગ લીધો હતો. સુ.શ્રી મીનાક્ષીબેન પટેલ અને ડૉલીબેન જોશીએ શિબિરનું સંચાલન કર્યું હતું. શ્રીમતી દ્રૌપદીબેન ભાવનાની, શ્રી નીલકંઠભાઈ જોશી અને શ્રી રમેશભાઈ જયસ્વાલનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો.

*

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા દ્વારા પ્રતિવર્ષ યોજાતી પ્રો. ડૉ. એચ.બી. પટેલ સ્મૃતિ વ્યાખ્યાનમાળાનું પાંચમું વ્યાખ્યાન તા. ૬-૫-૨૦૧૭ના રોજ યોજાયું હતું.

આ વ્યાખ્યાનમાળા અંતર્ગત આ વર્ષે ડૉ. કિરીટ વ્યાસ (કેમિકલ એન્જિનિયર, ઉદ્યોગપતિ અને લેખક) પધાર્યા હતા. તેમણે 'વિજ્ઞાન અને અધ્યાત્મ' વિષય ઉપર વક્તવ્ય રજૂ કર્યું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરાના અધ્યક્ષ શ્રી શરદભાઈ જોશીએ આ પ્રવચનમાળાના યજમાન સુ.શ્રી યશોમતિબેન એચ. પટેલ અને ડૉ. કિરીટભાઈ વ્યાસનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું અને તેઓશ્રીનો પરિચય આપ્યો હતો. વિજ્ઞાન અને સંશોધનોના ક્ષેત્રમાં ખેડાણ કરી ચૂકેલા ડૉ. વ્યાસે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે વિજ્ઞાન અધ્યાત્મના ક્ષેત્રની અનુભૂતિઓ વિશે કોઈ બૌદ્ધિક ખુલાસા આપી શકતું નથી. કારણ વિજ્ઞાન ભૌતિક અસ્તિત્વો વિશે જ ખુલાસા કરી શકે છે. અધ્યાત્મ જેવી પારભૌતિક અનુભૂતિઓ વિશે વિજ્ઞાન કોઈ બુદ્ધિગમ્ય ખુલાસા આપી શકતું નથી. સુજ્ઞ શ્રોતાઓએ શાંતિપૂર્વક તેમનું પ્રવચન સાંભળ્યું અને મર્મ ગ્રહણ કર્યો. અંતે શ્રી માતાજીના ધ્યાન સાથે કાર્યક્રમની સમાપ્તિ થઈ.

(અહેવાલ : શ્રી કૈલાશ જોશી)

અગત્યની જાહેરાત

આથી સર્વેને વિદિત કરવામાં આવે છે કે હવે શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરાની Website 'auronivas.org' તા. ૨૪-૪-૨૦૧૭ (દર્શન દિન)થી કાર્યરત થઈ ગઈ છે જેમાં નીચેની સુવિધાઓ ઉપલબ્ધ છે.

* 'સમર્પણ યાત્રી ભવન' માટે આવેદન પત્ર 'Activities' ના Menuમાંથી 'Accommodation' માં જઈને download કરી શકાશે.
* સોસાયટીના સભ્યપદ માટેની માહિતી અને આવેદનપત્ર Download કરી શકાશે.
* 'પ્રભુ અર્પણ' ના અંકો
* Offering / Donation આપવા માટેની માહિતી
* શ્રી અરવિન્દ નિવાસમાં ચાલતી રોજિંદી પ્રવૃત્તિઓ વિશેની માહિતી.
* આગામી કાર્યક્રમો વિશેની માહિતી.

આ સુવિધાઓનો લાભ લેવા વિનંતી છે.

ઇન્દ્રવદન ત્રિવેદી, મંત્રી,
શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

જીવનને (અલબત્ત, હું અહીં પૃથ્વી ઉપરના જીવનની વાત કરું છું) પૂર્ણ કરવાનો માત્ર એક જ માર્ગ છે અને તે એ કે જીવનને ઉપરની અવસ્થામાંથી જોવું અને એની સમગ્રતામાં જોવું. એની વર્તમાન અવસ્થાની સમગ્રતા માત્ર નહિ, પરંતુ ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળની સમગ્રતામાં એ શું છે અને શું થવાનું છે એ રીતે જોવું જોઈએ. — વ્યક્તિએ દરેક વસ્તુને એકી સાથે (એની સમગ્રતામાં) જોતાં શીખવું જોઈએ. કારણ કે આ રીતે જ તમે દરેક વસ્તુને એના સ્થાનમાં મૂકી શકો છો. જીવનમાં કોઈ પણ વસ્તુનો છેદ ઉડાવી દઈ શકાતો નથી અને છેદ ઉડાવી દેવો પણ ન જ જોઈએ. દરેક વસ્તુને એના યોગ્ય સ્થાને, બાકીની બધી વસ્તુઓ સાથે સંવાદિતામાં ગોઠવી દેવાની હોય છે. અને પછી ચુસ્તવાદી માનસને આ બધી વસ્તુઓ જે બહુ ખરાબ, દોષિત, અને અસ્વીકાર્ય લાગતી હોય છે તે બધી, સંપૂર્ણ દિવ્ય બની ગયેલા જીવનની આનંદ તેમ જ મોકળાશની પ્રવૃત્તિ બની રહે છે. આમ થતાં જ ઈશ્વરના અદ્‌ભુત હાસ્યને જાણવામાં, સમજવામાં, અનુભવવામાં તેમ જ માણવામાં કોઈ બાધા રહી શકતી નથી. આ ઈશ્વર જગતમાં અનંત રીતે પોતાને જીવી રહેલો (રૂપોની લીલા દ્વારા) જોવામાં અનંત આનંદ મેળવે છે.

આ આનંદ, આ અદ્‌ભુત હાસ્ય, અંધકારમાત્રને, દુઃખમાત્રને, વેદનામાત્રને ઓગાળી નાખે છે ! તમારે ફક્ત એ આંતરિક સૂર્યને શોધી કાઢવા તમારી ભીતર ઊંડાં ઊતરવાનું છે, એ સૂર્યના પ્રકાશને તમારી ઉપર પથરાઈ જવા દેવાનો છે. અને પછી એક સંવાદમય, તેજોમય તેમ જ સૂર્ય પ્રકાશિત હાસ્યનો ધોધ વહી આવશે જે દુઃખ તેમ જ અંધકારને દૂર કરી દેશે.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : પૃ. ૧૭૭-૭૮)

(વર્ષ ૦૩ : અંક ૬)
RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017
વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**